## (૧૦૧) : દુઆ :

કુર્આને કરીમ અને અહાદીસેપાકમાં દુઆ કરવા માટે ફરમાવવામાં આવ્યું છે અને ફઝીલત બયાન કરવામાં આવી છે. કુર્આને પાકમાં છે : તમે મારાથી જ માંગો હું તમારી દુઆ કુબુલ કરીશ, ખરેખર જે લોકો મારી બંદગીથી અભિમાન કરે છે તેઓ નજીકમાં જ ઝલીલ થઇ દોઝખમાં જશે. (સુ. મુઅમિન – ૬૦) અહી બંદગીથી દુઆ મુરાદ છે. બંદાનું પોતાના પરવરદિગારથી માંગવું એ બંદગીની શરત છે. દુઆ ઇબાદત બલ્કે ઇબાદતનું મગજ છે અને દુઆ ન કરવી અહંકાર છે. અલ્લાહપાક દરેકની દુઆ કુબુલ કરે છે. દુઆથી યા તો મરજી મુજબ મળે છે અગર યોગ્ય ન હોય તો મુસીબત દુર થાય છે અથવા આખિરત માટે જમા રાખવામાં આવે છે. (અબુદાઉદ)

**ફઝીલતઃ-** આપ સલ.નું ફરમાન છે દુઆ જ ઇબાદત છે. બીજી હદીસમાં છે દુઆ ઇબાદતનું મગ્જ છે. આપ સલ.નું ફરમાન છે અલ્લાહના નઝદીક દુઆથી વધુ કોઇ ચીઝનું મહત્વ નથી, વધુ ઇરશાદ છેઃ અલ્લાહપાકે તમારામાંથી જેના માટે દુઆનો દરવાઝો ખોલી આપ્યો (એટલે દુઆની તવફીક મલી) તેના માટે અલ્લાહની રહમતના દરવાઝા ખોલી આપવામાં આવ્યા. આપ સલ.નું ફરમાન છે જયારે કોઇ બંદો દુઆ માટે હાથ ઉઠાવે છે તો ખાલી હાથ પાછા લોટાવી આપવાથી અલ્લાહને શરમ આવે છે. દુઆ માંગવાને અલ્લાહ માત્ર પસંદ જ નથી કરતો બલ્કે દુઆ ન કરવાથી નારાઝ થાય છે. (અબુદાઉદ, તિરમિઝી)

## (૧૦૨)

## : દુઆના અદબ :

(૧) વુઝુ કરી પાક સાફ થઇ દુઆ કરે. (૨) દુઆ વખતે કિબ્લા તરફ મોઢું કરે. (૩) દુઆ પહેલા અલ્લાહપાકની હમ્દ કરે અને દુરૂદ પઢે અને દુઆ પછી પણ દુરૂદ પઢે. (૪) બંનેવ હાથો ખભા બરાબર ઉઠાવવા. (૫) ધીમી અવાઝે દુઆ કરવી. (૬) પહેલા પોતાના માટે પછી માં-બાપ માટે અને દરેક મુસલમાન માટે દુઆ કરવી. (૭) દુઆ વખતે આસમાન તરફ ન જુએ. (૮) જયાં સુધી બની શકે દિલ લગાવીને દુઆ કરે અને દુઆ કુબુલ થવાની ઉમ્મીદ રાખે. (૯) દુઆના અંતમાં આમીન કહે. (૧૦) દુઆ પછી મોં ઉપર હાથ ફેરવે. (જવાહિરૂલ ફિકહ -૧) દુઆના કુબુલ થવા માટે હલાલ રોઝી શરત છે. યહ્યાબિન મઆઝ કહે છે ઇબાદત તાળુ છે, તાળુ ખોલવા માટે ચાવી દુઆ છે અને ચાવીના દાંતા (જેના વગર તાળુ ખુલતુ નથી) હલાલ રોઝી છે. (રૂહુલ બયાન ૨/૭૨૨) અમુક બુઝુર્ગોએ કહ્યું છે આસમાનની ચાવી દુઆ છે અને તેનાં દાંતા હલાલ ખોરાક છે. (રૂહુલ બયાન ૧/૬)

રમઝાનના મુબારક મહીનામાં ખાસ દુઆ કબૂલ થાય છે જેથી ખુબ પાબંદીથી દુઆનો એહતેમામ કરવો જોઇએ. છેલ્લા અશ્રાની એકી રાતો જેમાં ખાસ કરી શબે કદ્ર (૨૭ મી રાત), ઇફતારી અને સેહરીના સમયે, જુમ્આના દિવસે દુઆઓમાં મશ્ગુલ રહેવું જોઇએ. ઇફતાર સમયે રોઝદારની દુઆ ખાસ કબુલિયત ધરાવે છે.

## (૧૦૩)

## : સદકએ ફિત્ર :

ગરીબ મુસલમાનો પાસે ખાવા પીવાનો સામાન પહોંચી જાય અને તેઓ પણ ઇદની નમાઝ શાંતિપુર્વક અદા કરી શકે તેમજ રોઝદારથી રોઝામાં જે કંઇ કુસુર થઇ ગયો હોય તેના કફફારા માટે સદકએ ફિત્ર શરીઅતમાં વાજીબ કરવામાં આવ્યો છે. (અબુદાઉદ, ઇનાયહ) ઝકાતનો જે નિસાબ છે તેટલા નિસાબના માલીક ઉપર સદકએ ફિત્ર વાજીબ થાય છે. સોના, ચાંદી અને વેપાર માટેના માલ સિવાય પોતાની જરૂરતથી વધારે ફરનીચર, ઘર, પહેરવાના કપડાં હોય જેની વરસ કદરમિયાન કોઇ એકાદ વખત જરૂરત પડે છે, હંમેશ જરૂરત પડતી નથી અને સાડાસાત તોલા સોના અથવા સાડાબાવન તોલા ચાંદીની કિંમત બરાબર હોય તો એ માલ ઉપર સદકએ ફિત્ર તેમજ કુરબાની વાજીબ થાય છે. સદકએ ફિત્ર પોતાના તરફથી અને પોતાની નાબાલિગ ઔલાદ તરફથી અદા કરવું જરૂરી છે. (હિદાયહ)

બેહતર એ છે કે સદકએ ફિત્ર ઇદની નમાઝ માટે ઇદગાહ જતા પહેલા અદા કરવો જોઇએ, અગર કોઇ રમઝાનમાં અદા કરી આપે તો પણ અદા થઇ જાય છે. (દુર્રે મુખતાર ભા-૨)

**સદકએ ફિત્રનું વજન :-** એક સદકએ ફિત્ર પોણા બે કિલો ઘઉ એટલે લગભગ ૧ કિલો ૭૫૦ ગ્રામ ઘઉ અથવા એટલા ઘઉંની કિંમત આપવી.

## (૧૦૪)

## : ઇદની રાતની ફઝીલત :

હદીસ શ.માં છે: જે જાગતો રહ્યો ઇદુલફિત્ર અને ઇદુલ અદહાની રાતે તો એનુ દિલ મુર્દા નહી થાય એ દિવસે જે દિવસે દિલ મુર્દા થઇ જશે. (એટલે કે કયામતના દિવસની ગભરાહટથી મહફુઝ રહેશે જે દિવસે કે લોકો કયામતની સખ્તીઓથી પરેશાન (વ્યાકુળ) હશે.

**ઇદુલ ફિત્રની સુન્નતો:-** (૧) ઇદનો ચાંદ જોઇને તકબીર પઢવાનુ શરૂ કરવું (કુરતુબી ૩/૪૭૯) (૨) તકબીર:- "અલ્લાહુઅકબર અલ્લાહુઅકબર લા ઈલાહ ઇલ્લલ્લાહુ વલ્લાહુઅકબર અલ્લાહુ અકબર વલિલ્લાહિલ હમ્દ" (ઇબ્ને અબી શયબા: ૫૬૫૨) (૩) ઇદુલ ફિત્રની નમાઝથી પહેલાં સદકએ ફિત્ર અદા કરવું (મુસ્લિમ શ. ૯૮૪) (૪) ગુસલ કરવું (બયહકી ૩/૨૭૮) (૫) (પોતાની પાસેના) સારા કપડાં પહેરવાં (બયહકી ૩/૨૮૧) (૬) ખૂશ્બુ લગાવવી અને મિસ્વાક કરવું (ઇબ્ને માજહ -૧૦૯૮) (૭) ઇદુલ ફિત્રની નમાઝથી પહેલા એકી સંખ્યામાં ખજુરો ખાવી. (બુખારી શ. ૯૫૩) (૮) ઇદુલ ફિત્રની નમાઝ માટે ઇદગાહ જવું (બુખારી શ. -૯૫૬) (૯) ઇદગાહ ચાલીને જવું (તિરમિઝી – ૫૩૦) (૧૦) પોતાના દોસ્તો અથવા રિશ્તેદારો સાથે ઇદગાહ જવું (ઇબ્ને ખુઝયમહ – ૧૪૩૧) (૧૧) ઘરથી ઇદગાહ જવા સુધી તકબીર પઢવું (બયહકી – ૩/૬૬૯) (૧૨) ઇદની નમાઝ માટે એક રસ્તા પરથી જવું અને બીજા રસ્તા પરથી આવવું (બુખારીશ.–૯૮૬) (૧૩) ઇદુલ ફિત્રની મુબારકબાદી આ અલફાઝમાં આપવી "તકબ્બલલ્લાહુ મિન્ના વ મિન્ક" અલ્લાહતઆલા અમારા અને તમારા તરફથી કુબુલ ફરમાવે. (ફતહુલ બારી – ૨/૫૧૭)

## (૧૦૫) : માહે શવ્વાલ :

આ ઇસ્લામી વર્ષનો દસમો મહીનો છે. હદીસ શ.માં છે “જે માણસે રમઝાનના રોઝા રાખ્યા એના પછી શવ્વાલ ના છ રોઝા રાખ્યા તો એ માણસ એવો છે જેમ કે એણે આખા વર્ષના રોઝા રાખ્યા. (મુસ્લિમ, અબૂદાઉદ, તિરમિઝી, નસાઇ, ઇબ્ને માજહ)

અલ્લાહતઆલાની આદત પોતાના નેક બંદાઓ સાથે એ છે કે જયારે કોઇ નેક કામ કરે છે તો એને એ નેકીથી દસ ગણો વધારે સવાબ આપે છે. કુર્આનેમજીદમાં છે “મન જા-અ બિલ્હસનતિ ફલહૂ અશ્રુ અમ્સાલિહા... જે માણસ એક નેકી કરશે તો એને દસ ગણો સવાબ મળશે.” (પા -૮) આ કાયદાથી રમઝાનના ત્રીસ રોઝાનો સવાબ ત્રણસો રોઝાના બરાબર થયો. જો કોઇ શવ્વાલના છ રોઝા રાખી લે તો એનો સાઠ (૬૦) રોઝાના બરાબર સવાબ થઇ ગયો, વર્ષના કુલ ૩૬૦ દિવસ થાય છે આ રીતે મળીને કુલ રોઝાનો સવાબ આખા વર્ષના બરાબર થઇ ગયો.

આ હદીસથી શવ્વાલના રોઝાની ફઝીલત સારી રીતે સ્પષ્ટ થાય છે. આ રોઝાનો રમઝાનના રોઝાથી એવો સંબંધ છે જેમકે ફર્ઝ નમાઝોનો તેના પછીની સુન્નતોનો હોય છે.

શવ્વાલના રોઝા વિષે હુકમ એ છે કે રોઝા લગાતાર રાખવાની જરૂરત નથી, આ મહીનામાં છ રોઝા પૂરા થઇ જવા જોઇએ. અલબત્ત કોઇ પોતાની સહુલત માટે લગાતાર રાખે તો કોઇ વાંધો નથી. (અઝઃ મુફતી ઇસ્માઇલ વાડીવાલા સાહબ. રહ.)

## (૧૦૬)
## દુરૂદ શ.ની ફઝીલતો અને બરકતો

અત્રે દુરૂદ શરીફના ખાસ ફઝાઇલ, બરકતો અને ફાયદાઓનું ટૂંકમાં વર્ણન કરવામાં આવે છે, જેનાથી સારી રીતે અંદાજો આવી જશે કે દુરૂદ શરીફ કેવી મહાન, ઉચ્ચ અને લાભદાયક ફઝીલતો, બરકતો અને ફાયદાઓ ધરાવે છે. ઉપરાંત એનાથી દુરૂદ શરીફ વધારે પઢવાની તરગીબ (પ્રેરણા) મળશે.

(૧) મોઅમિનનું એક દુરૂદ અલ્લાહતઆલાની દસ રહમતોનું નિમિત્ત બને છે. (૨) હુઝૂર સલ.ની દુઆ અને રહમતનો સબબ બને છે. (૩) એક દુરૂદ દસ રહમતો, દસ ગુનાહોની માફી અને દસ દરજાઓની બુલંદીનું નિમિત્ત બને છે. (૪) ૧૦૦ દુરૂદ જહન્નમ અને નિફાક (રિયા, hypocricy) થી બરાઅત (મૂક્તિ) નુ કારણ બને છે. (૫) સો દુરૂદ સો હાજતો પૂરી થવાનું નિમિત્ત બને છે. (૬) દુરૂદ શ. પઢવું નબીએ કરીમ સલ.ની શફાઅતનો સબબ બનશે. (૭) દુરૂદ શ.નો વધારે ઝિક્ર કયામતમાં નબીએ કરીમ સલ.ની સૌથી વધારે નજીકતાનું કારણ બનશે. (૮) દુરૂદ શ. કયામતના મેદાનમાં તીવ્ર તરસથી હિફાઝતનું સબબ બનશે.

(બાકી..)

## (૧૦૭)

## : દુરૂદ શ.ની ફઝીલતો અને બરકતો :

(૯) દુરૂદ શ. રંજ,ગમ,પરેશાની અને મુસીબતથી હિફાઝતનો સબબ બને છે. (૧૦) દુરૂદ શ. આર્થિક ભીસ અને ભૂખમરા ને દૂર રાખવાનું નિમિત્ત બને છે. (૧૧) દુરૂદ દિલનો કાટ દૂર થવાનું કારણ બને છે. (૧૨) દુરૂદ ભૂલાયેલ ચીજોને યાદ રાખવાનું કારણ બને છે. (૧૩) દુરૂદ શ. શક્તિ અને હયાતે કલ્બ (દિલના સજીવન થવા) નું કારણ બને છે. (૧૪) દુરૂદ લોકોની દ્રષ્ટિમાં મહબૂબ અને માનવંત બનવાનું નિમિત્ત બને છે. (૧૫) દુરૂદ ખ્વાબમાં હુઝૂર સલ.ની ઝિયારત નસીબ થવાનું કારણ બને છે. (૧૬) દુરૂદ ડૂબવાથી હિફાઝતનું કારણ બને છે. (૧૭) દુરૂદ માલની બરકતનું નિમિત્ત બને છે. (૧૮) દુરૂદ તોહમતથી છૂટકારાનું તથા લોકોની ગીબતથી હિફાઝતનું નિમિત્ત બને છે. (૧૯) દુરૂદ દીન-દુનિયાની દરેક પ્રકારની બરકતો અને ફાયદાઓની પ્રાપ્તિનું સબબ બને છે. (૨૦) દુરૂદ શ. દુઆની કબુલિયતનો સબબ બને છે.

(સંદર્ભ:- અલ કવલૂલ બદીઅ – ૯૮, જિલાઉલ ઇફહામ – ૨૪૬)

## (૧૦૮) : હઝ.અબૂબકર રદી.ના મુબારક ઇરશાદાત :

(૧) અય લોકો ખૂદાના ખોફથી રડો! જો રડવું ન આવે તો રડવાની સૂરત બનાવો. (૨) ખબરદાર! કોઇ મુસલમાન કોઇને હકીર (તુચ્છ) ન સમજે, કારણ કે નાના દરજાનો મુસલમાન પણ અલ્લાહના નઝદીક મોટો છે. (૩) મેં બુઝુર્ગીને અલ્લાહના તકવા (ખોફ)માં જોઇ, તવંગરીને યકીન (શ્રધ્ધા) માં જોઇ અને ઇઝઝતને વિનમ્રતામાં જોઇ. (૪) સૌથી મોટી સમજદારી (wisdom) તકવો (પરહેઝગારી) છે, સૌથી મોટી મુર્ખાઇ વ્યર્થ કામો છે, સૌથી વધુ સચ્ચાઇ અમાનતદારી છે, અને સૌથી વધુ જુઠાણુ ખ્યાનત છે. (૫) અંધકાર પાંચ છે અને એની રોશની પાંચ છે. દુનિયાની મોહબ્બત અંધકાર છે. એની રોશની પરહેઝગારી (ખોફે ખુદા) છે. ગુનાહ અંધકાર છે એની રોશની તૌબા છે. કબર અંધકાર છે એની રોશની કલેમએ "લા ઇલાહ ઇલ્લલ્લાહ મુંહંમદુર્રસુલુલ્લાહ" છે. આખિરત અંધકાર છે એની રોશની નેક અમલ છે. પુલસિરાત અંધકાર છે એની રોશની યકીન (ઇમાન) છે.

## (૧૦૯)

## : હઝ. સલમાન રદી.ના ઇરશાદાત :

(૧) ઝીદગી ઘણી ઓછી છે. અને ઇલ્મ ઘણો વધારે છે, જેટલો ઇલ્મ દીની જરૂરત માટે આવશ્યક છે તેને પ્રાપ્ત કરો બાકીનો છોડી દો. (૨) અગર ખામોશ નથી રહી શકતા તો સારી વાતો કરતા રહો, ખરાબ (કે વ્યર્થ) વાતો કરવાં કરતાં ચૂપ રહેવું બેહતર છે. (૩) ગુસ્સો ન કરો, જયારે ગુસ્સો આવી જ જાય તો પોતાની ઝુબાન અને પોતાના હાથને કાબૂમાં રાખો. (૪) રાહત અને તકલીફ બંને હાલતોમાં અલ્લાહને યાદ રાખો, જયારે કોઇ શખ્સ માત્ર તકલીફના સમયે અલ્લાહને પૂકારે  છે તો ફરિશ્તા તેનો અવાજ ઓળખતા નથી જેથી તેઓ તેના માટે મગફિરતની દુઆ કરતા નથી. (૪) નદીમાંથી પાણી જેટલુ પણ પીએ ઓછું થતું નથી, એજ હાલત ઇલ્મની છે તમે જેટલો પણ ઇલ્મ પ્રાપ્ત કરો તે ઓછો છે. (૫) બડાઇ અને અહંકાર એવી બૂરાઇ છે જેની સામે નેકી કઇંજ કામ આવતી નથી. (૬) દુનિયા મોઅમીન માટે કેદખાનું છે અને કાફિરની જન્નત છે.

## (૧૧૦) ઈખ્લાસ

## (Sincerity વિશુધ્ધ ભાવ) :

કેવળ અલ્લાહ માટે અમલ કરવાને “ઇખ્લાસ” કહેવામાં આવે છે અને જે કર્મમાં નિખાલસતા ન હોય, તો તે કર્મ કેટલુયે મોટુ અને ઉમદા કેમ ન હોય તે બેકાર છે. માણસે આખી રાત ઉજાગરા કરી નમાઝ પઢી અને રોઝા પણ રાખ્યા  અને હજ પણ વારંવાર કરે છે અને સખી પણ એટલો જ છે પરંતુ તેની નિય્યત અલ્લાહને પ્રસન્ન કરવાની નથી; બલ્કે તેનો ઇરાદો બીજો છે તો આવું કામ તેના માટે કરવું બેકાર અને વ્યર્થ જ ગણાશે અને શકય છે કે આવું કામ તેના માટે આખિરતમાં મહા મુસીબત બની શકે છે!.

હઝરત ઇબ્ને જબલ રદી. રિવાયત ફરમાવે છે કે મને અલ્લાહના રસૂલ સલ.એ યમન દેશનો ગવર્નર બનાવીને મોકલ્યો, તો મેં અરજ કરી: હે અલ્લાહના રસૂલ! મને કંઇ શિખામણ ફરમાવો, (જેના પર હું અમલ કરૂં) આપ સલ.એ ફરમાવ્યું દીનનું દરેક (નેક) કામ નિખાલસભાવે કરજો, આમ કરવાથી થોડો અમલ પણ પૂરતો છે. (અત્તરગીબ વત્તરહીબ : ૫૪) તેથી જ એક હદીસમાં છે કે સૌ પ્રથમ રિયાકાર શહીદ, રિયાકાર આલિમ, અને રિયાકાર સખીને ઘસેડીને દોજખમાં નાંખી દેવામાં આવશે. (મિશ્કાત – ૩૩) (બાકી..)

## (૧૧૧) ઈખ્લાસ (Sincerity વિશુધ્ધ ભાવ) :

પોતાની નામના પ્રસિધ્ધિ કે કિર્તિ મેળવવા ખાતર કે કોઇ દુનયવી ગરજ ખાતર કેટલાયે દીની કર્મો કરો છતાં તે નુકસાન અને મુસીબતનું કારણ બનશે. માટે દરેક સારા અમલમાં ઇખ્લાસનો પ્રબંધ કરવો અનિવાર્ય છે. દરેક કામ કરતી વેળા અલ્લાહતઆલાને સામે રાખો, કોઇ મખ્લુકને પ્રસન્ન કરવા ખાતર કોઇ પણ કામ ન કરો. મખ્લૂકથી તમને જરાયે ફાયદો થશે નહી. મખ્લૂક ઇચ્છે, પણ જો અલ્લાહતઆલા ન ઇચ્છે, તો તેની આ ઇચ્છા પણ કંઇ કામની નથી.

અલ્લાહના રસૂલ સલ.એ પોતાની ઉમ્મતને એવા નેક કામો અને ઉચ્ચ ચરિત્રની પ્રેરણા આપી છે જે ઇખ્લાસ અને તકવા પર આધારિત હોય. એટલે કે રાતના અંધકાર અને એકાંતમાં પણ આમાલ એવાં જ હોવા જોઇએ જે દિવસે અને જાહેર લોકો સમક્ષ હોય છે. કોઇ પણ અમલ કરતી વખતે નજર અને ખ્યાલ અલ્લાહ તરફ હોવો જોઇએ. જયારે કોઇ કામ કરનારમાં માત્ર નેક અને અલ્લાહને પ્રસન્ન કરવાની ભાવના હોય તો સમજી લેવું જોઇએ કે તેની બુનિયાદમાં ઇખ્લાસનું પાણી શામેલ છે. માટે દરેકે પોતાના કર્મોનું નિરિક્ષણ કરતા રહેવું જોઇએ કે તેમાં ઇખ્લાસ છે કે નહી!

## (૧૧૨): હદિયા (Gift)ની ફઝીલત અને ફાયદાઓ:

હદીસ શરીફમાં નબીએ કરીમ સલ.એ મુસલમાનોને તાકીદ ફરમાવી છે કે મુસલમાનોએ પરસ્પર એક બીજાને કંઇક હદિયો (Present – Gift) આપતા રહેવું જોઇએ. એના થકી મુસલમાનોનો સંબંધ મજબૂત બને છે. આપ સલ.નો ઇરશાદ છે: "એક બીજાને હદિયો આપતા લેતા રહો. હદિયો દિલની નારાજગી દૂર કરી દે છે, ઓરતો એમની પાડોશન તરફથી મળતા સામાન્ય હદિયાને પણ હલકો ન સમજે. ભલે તે બકરીના પગની ખરી કેમ ન હોય"

નબીએ કરીમ સલ.એ ફરમાવ્યું: ત્રણ વસ્તુઓ પરત ન કરવી જોઇએ એટલે કે જરૂર સ્વીકારી લેવી જોઇએ તકિયો, તેલ અને દૂધ. તેલ એટલે કે ખૂશ્બુ - અત્તર વગેરે. આ ત્રણ વસ્તુઓ સામાન્ય અને સસ્તી હોય છે. આપનારને કોઇ બોજ નથી પડતો. અને લેનાર જયારે એને વાપરશે તો આપનારને ખૂશી થશે. આમ આવી વસ્તુઓમાં બન્ને તરફ ફાયદો છે. વાપરનારને પણ ફાયદો અને આપનારને પણ ખુશી થાય છે.

## (૧૧૩) : હજ્જ :

હજ્જ ઇસ્લામનો એક ઘણો જ જરૂરી રૂકન છે. કુર્આને હકીમમાં છે "અને અલ્લાહને (રાજી કરવા માટે) તે લોકો ઉપર આ ઘરની હજ્જ ફર્ઝ છે જેઓ ત્યાં સુધી પહોંચવાની શકિત રાખતા હોય." (સુ. આલે ઇમરાન – ૯૭) **હજ્જની અઝાનઃ-** હઝ. ઇબ્રાહીમ અલ. જયારે ખાનએ કઅબાની તઅમીરથી ફારિગ થયા તો અલ્લાહતઆલાએ ફરમાવ્યું કે લોકોને બોલાવો, તો હઝ.ઇબ્રાહીમ અલ. અબુ કુબૈસ નામના પહાડ ઉપર ચઢયા અને અવાજ આપ્યો "ખબરદાર થાઓ કે અલ્લાહતઆલાએ પોતાનું ઘર બનાવવાનો હુકમ આપ્યો અને તે બની ગયું, ખબરદાર થાઓ, ખાનએ કઅબહનો હજ કરો" તો જે લોકો બાપોની પીઠ અને માઓના રહમમાં હતા તેમને અલ્લાહપાકે અવાજ પહોંચાડી આપ્યો, તો જેમણે એક, બે કે એથી વધુ જેટલા વખત જવાબ આપ્યો હશે તે મુજબ હજ કરશે, કુર્આને મજીદમાં છે "અને લોકોમાં હજનું એલાન કરી દો કે જેથી લોકો તમારી પાસે (હજ માટે) ચાલ્યા આવે." (ઇનાયહ શરહે હિદાયહ) એજ રૂહાની ઉત્સાહ(spirit)ના અસરથી લોકો હજારો માઇલ દુરથી ખેંચાઇને ગમે તેટલી તકલીફ વેઠીને પણ ખાનએ કઅબા સુધી પહોંચે છે. (અઝ કિતાબ : મુફતી ઇસ્માઇલ વાડીવાલા સાહબ. રહ.)

## (૧૧૪)

## : હજ કોના ઉપર ફર્ઝ છે :

જેની પાસે પોતાના બાલ-બચ્ચા તેમજ જે લોકોનો ખર્ચ આપવો જરૂરી છે તેમના ખાવા-પીવા રહેવા માટે ઘર અને કપડાંના ખર્ચ ઉપરાંત પોતાના આવવા જવાનો સફરનો ખર્ચ હોય તેના ઉપર હજ ફર્ઝ છે.

ઓરતના હજ અદા કરવા માટે એવા દીનદાર મહરમનું સાથે હોવું જરૂરી છે જેના સાથે હંમેશ માટે નિકાહ કરવું જાઇઝ ન હોય, (ફતહુલ કદીર શામી / ૨) અગર મહરમ પોતાના ખર્ચથી ઓરત સાથે હજ માટે જવા તૈયાર ન હોય તો તેનો ખર્ચ પણ ઓરતના સિરે રહેશે, એવી સુરતમાં હજના અદા કરવા માટે પોતાનો અને મહરમનો ખર્ચ પણ હોવું જરૂરી છે, (મુઅલ્લીમુલ હુજ્જાઝ) અગર ઓરત પાસે પોતાનો ખર્ચ તો હોય પરંતુ મહરમને સાથે લઇ જવાનો ખર્ચ ન હોય તો પોતાનો ખર્ચ હોવાને લીધે હજ ફર્ઝ થઇ જશે, પરંતુ મહરમ ન હોવાને લીધે હજ ન કરવા બદલ ગુનેહગાર થશે નહી, અલબત્ત મરણ વખતે પોતાના તરફથી હજ કરાવવાની વસિય્યત કરવી જરૂરી છે.

**(અઝ કિતાબ અરકાને ઇસ્લામઃ મુફતી ઇસ્માઇલ વાડીવાલા સાહબ. રહ.)**

## (૧૧૫) : હજ્જે બદલ :

જેનાં ઉપર હજ ફર્ઝ હતી અને હજ અદા કરવાનો મોકો હોવા છતાં હજુ અદા ન કરી અને પછી પોતે હજ અદા કરી શકે એવી તાકાત ન રહી તો એવા માણસે બીજા પાસે પોતાની હજ્જે બદલ કરાવવી અને મરતી વખતે વસિય્યત કરવી જરૂરી છે. અગર કોઇ માણસ બિમાર હોય, આંધળો હોય, લંગડો હોય અથવા લકવો થઇ ગયો હોય અને હજના સફરની શક્તિ ન રહે કે હજ માટે ન જઇ શકે અને સારૂ થવાની આશા ન હોય તો સહી કોલ પ્રમાણે હજ્જે બદલ કરાવવી અથવા વસિયત કરવી વાજિબ છે. (મુઅલ્લીમુલ હુજ્જાજ)

અફઝલ અને બેહતર એ છે કે હજ્જે બદલમાં એવા માણસને મોકલવામાં આવે જે આલિમ બા અમલ હોય, હજના મસાઇલથી ખૂબ વાકિફ હોય અને પોતાની ફર્ઝ હજ પહેલાં કરી ચૂકયો હોય (મુઅલ્લીમુલ હુજ્જાઝ પે-૩૦૮) જેને પોતાની હજ અદા કરી ન હોય એવાને હજ્જે બદલમાં મોકલવું મકરૂહે તનઝીહી છે. (દુર્રે મુખ્તાર, શામી ૩૩૧/૨) અગર મય્યત પર હજ ફર્ઝ હોય અને વસિય્યત કરવા વગર મય્યતના બાલિગ વારિસો મય્યત તરફથી હજ કરાવશે અથવા અવલાદ વસિય્યત વગર પોતાનાં માં-બાપ તરફથી હજ કરશે અથવા કરાવશે તો ઇમામ અબુ હનીફા (રહ.) ફરમાવે છે કે ઇન્શાઅલ્લાહ મય્યત તરફથી હજ અદા થઇ જશે. (શામી)

## (૧૧૬) : કુરબાની :

દુનિયામાં અનોખી અને અજોડ કાર-કિર્દીઓની યાદ કાયમ કરવાનો રિવાજ તો ઘણો જૂનો છે. પરંતુ તેના માટે મોટે ભાગે પ્રતિમા કે સ્તંભો ઉભા કરવા અથવા કોઇ ઇમારત બાંધી આપવામાં આવે છે. જેથી કારકિર્દી ધરાવનારનું બહુમાન તો થાય છે. પરંતુ એનાથી વાસ્તવિક યાદગીરી (રૂહ) જીવંત રહેતી નથી. જેથી ઇસ્લામે આવી પ્રતિમાઓ કે ઇમારતો બાંધવાની પદ્ધતિને બદલે તેમના નેક કાર્યો અને અમલની નકલ કરવાને ઇબાદત બનાવી કયામત સુધી આવનાર લોકો માટે જરૂરી ઠેરવવામાં આવ્યું. આથી આ કાર્યો કરનારની યાદ તો તાજી રહે છે જ પરંતુ એ નેક કાર્યો કરવાનો ઉત્સાહ પણ જીવંત તથા જાગૃત થાય છે.

કુરબાની પણ હઝ.ઇબ્રાહીમ ખલીલુલ્લાહ અને હઝ.ઇસ્માઇલ ઝબીહુલ્લાહ અલ.ની યાદગાર છે, જે લગ-ભગ ચાર હજાર વર્ષ પહેલાંની યાદ કાયમ છે.

કુરબાનીનો શબ્દ ઘણોજ આમ અને પ્રચલિત થઇ ગયો છે. જીવનનું સમગ્ર તંત્રજ કુરબાનીની ભાવના પર આધારિત છે. (ક્રમશઃ)

(અઝ કિતાબ કુરબાનીની હકીકતઃ મુફતી ઇસ્માઇલ વાડીવાલા સાહબ રહ.)

## (૧૧૭) : કુરબાની :

કુર્આને હકીમમાં અલ્લાહતઆલા ફરમાવે છે. “જાહિદુ બિઅમ્વાલિકુમ વ અન્ફુસિકુમ...” અલ્લાહના માર્ગમાં પોતાના માલ અને જાનથી સંઘર્ષ કરો... (સૂ. તૌબહ આ.૪૧) અહી સૌ પ્રથમ માલની કુરબાની માંગવામાં આવી છે. એટલે દીન માટે જે પણ કુરબાનીની જરૂર પડે તો કોઇ પણ જાતના સંકોચ વગર પોતાની તૈયારી અને ઉત્સૂકતા રાખવી જોઇએ. પાંચ વખતની નમાઝ પણ એક કુરબાની છે. ઝકાત પણ કુરબાની છે. મુસલમાનોમાં એકતા અને ભાઇચારાની ભાવના કેળવવાની કોશીશ કરવી એ પણ કુરબાનીના વિશાળ અર્થમાં શામિલ છે.

હઝ.ઈબ્રાહીમ અલ.એ પોતાના એક માત્ર વહાલો ફરઝંદ કે જે ઘણીજ દુઆઓ પછી અલ્લાહપાક તરફથી મળ્યો હતો તેને પણ અલ્લાહની ફરમાબરદારીમાં કુરબાન કરી આપવામાં ઘણાજ ધૈર્ય અને અડગતાથી સાચો ઠેરવ્યો કે “મારી મોત અને હયાત બન્ને અલ્લાહના માટે જ છે.” હકીકતમાં કુરબાની પોતાની અવલાદ તરફથી ફિદયો છે માટે ખુબ દિલથી કુરબાની કરી અલ્લાહની નજીકતા અને ખુશનુદી હાસિલ કરવામાં આવે.(અઝ કિતાબ કુરબાનીની હકીકતઃ મુફતીઇસ્માઇલ વાડીવાલા સાહબ રહ.)

## (૧૧૮) : કુરબાનીની ફઝીલત :

આપ સલ.એ ફરમાવ્યું કે કુરબાનીના દિવસોમાં કુરબાનીથી વધુ કોઇ કામ ખુદાપાકને પસંદ નથી. અને કયામતના દિવસે કુરબાનીનું જાનવર પોતાના સીંગ-બાલ અને ખડીઓ સાથે આવશે. કુરબાની કરતી વખતે લોહીના ટીપાં જે જમીન પર પડે તે જમીન પર પડવા પહેલાં કબુલ થઇ જાય છે. માટે ખુબ દિલ ખોલીને કુરબાની કરો. (તિરમિઝી, ઇબ્ને માજહ)

**ફાયદો:-** સીંગ, બાલ અને ખડીઓને ખાસ કરીને એટલા માટે બયાન કરવામાં આવ્યું છે કે માણસ બેકાર સમજી ફેંકી આપે છે. તો જ્યારે તે ખુદાપાક એ બેકાર ભાગો પર સવાબ આપે છે તો ગોશ્ત વિગેરે પર સવાબ કેમ નહી આપશે? મતલબ એ છે કે કુરબાની કરેલ જાનવરને તેના સીંગ, બાલ અને ખડીઓ સાથે મીઝાનમાં મૂકવામાં આવશે. જેથી મીઝાન ભારી થઇ જશે. (અશાઅતુલ્લમઆત) સહાબાએ આપ સલ.ને પૂછ્યું કે કુરબાની શું વસ્તુ છે? તો આપ સલ.એ જવાબ આપ્યો, તમારાબાપ હઝ.ઈબ્રાહીમ અલ.ની સુન્નત છે. ફરી સહાબા રદી.એ સવાલ કર્યો, એ અલ્લાહના રસુલ કુરબાની કરવાથી અમને શું ફાયદો થશે? તો આપ સલ.એ જવાબ આપ્યો કે કુરબાનીના જાનવરના બદનના દરેક બાલના બદલામાં એક-એક નેકી મળશે. સહાબા એ પૂછ્યું કે ઘેટાના દરેક બાલના બદલામાં? તો આપ સલ.એ ફરમાવ્યું હાં, ઘેટાના દરેક બાલના બરાબર નેકીઓ મળશે. (મિશ્કાત ૧૨૯) (ક્રમશઃ)

## (૧૧૯) : કુરબાનીની ફઝીલત :

અબ્દુલ્લાહ બિન ઉમર રદી.થી રિવાયત છે કે રસુલુલ્લાહ સલ. દસ વર્ષ મદીના મુનવ્વરહમાં રહ્યા, અને દર વર્ષે કુરબાની કરતા હતા. (તિરમિઝી) દર વર્ષ કુરબાની કરવાથી કુરબાની કરવી વાજીબ છે એમ સાબિત થાય છે. (મિશ્કાત ૧૨૯)

આપ સલ.એ ફરમાવ્યું કે જેની કુરબાનીની હૈસિયત હોય અને કુરબાની ન કરે તે મારી ઇદગાહના નઝદીક પણ ન આવે. (ઇબ્ને માજહ – ૨૨૬) મતલબ એ કે એવો માણસ અલ્લાહના દરબારમાં આવવાના લાયક નથી. કયામતના દિવસે કુરબાનીનું જાનવર સહી સાલિમ પેદા કરવામાં આવશે. જેને કુરબાની કરનાર માટે પુલસિરાત ઉપરથી પસાર થવા માટે સવારી બનાવવામાં આવશે. (મઝાહિરે હક) એને લઇ આપ સલ.એ ફરમાવ્યું કે કુરબાનીના જાનવરની ખિદમત કરી ખૂબ મોટા ફરબહ (Plump- હૃષ્ટ પુષ્ટ) બનાવો. કારણ કે કુરબાનીના જાનવરો કયામતના દિવસે પુલસિરાત ઉપરથી પસાર થવા માટે સવારી બનાવવામાં આવશે. સહાબા રદી. ફરમાવે છે કે હમો મદીનામાં પોતાની કુરબાનીના જાનવરોને મોટા કરવાની તાકીદ રાખતા. અને બીજા મુસલમાનોની પણ આજ હાલત હતી. (બુખારી શ. / ૧) (ક્રમશ:)

## (૧૨૦) : કુરબાનીની ફઝીલત :

ફુકહાએ કિરામ ફરમાવે છે કે બેહતર એ છે કે કુરબાનીનું જાનવર પોતે પસંદ કરી ખરીદે. અને તેની ખિદમત-ચાકરી કરી દિલમાં તેની મોહબ્બત પૈદા કરે, કુરબાનીના જાનવર સાથે નરમીનો વર્તાવ કરે. (આલમગીરી-૫) કુરબાની હઝ.ઇસ્માઇલ અલ.ની જગ્યાએ છે જેથી એ નેક બંદાઓની યાદગાર બાકી રાખવા માટે મુસલમાનોને એ તારીખોમાં કુરબાની કરવાનો હુકમ કરવામાં આવ્યો છે. જેથી દરેકના દિલમાં એની યાદ (રૂહ) ઝિન્દહ થઇ જાય. અને કુરબાનીની યાદથી શિખામણ (બોધ-Lesson) લીએ કે ખુદાના રસ્તામાં પોતાની સૌથી પ્યારી ચીઝ કુરબાન કરવામાં આવે છે. અને પોતાની કુરબાની પોતાના હાથથી ઝબહ કરવું મુસ્તહબ છે. અગર પોતે ઝબહ ન કરી શકે તો ત્યાં હાજર રહે. પરંતુ અફસોસ એ છે કે ઘણા લોકો કુરબાનીના દિવસોમાં જ જાનવર ખરીદી કુરબાની કરે છે. (બલ્કે બારોબાર અન્ય જગ્યાએ આપી દે છે) જેથી કુરબાનીની ફઝીલત અને તેની હકીકત (reality)થી મહરૂમ રહે છે.. (અઝ કિતાબ કુરબાનીની હકીકતઃ મુફતી ઇસ્માઇલ વાડીવાલા સા. રહ.)

**બલ્લિગુ અન્ની...** હુઝુરે પાક સલ.નો ઇરશાદ છે કે 'મારી વાત પહોંચાડો' ભલે તે એક વાત હોય.

આ હદીસેપાક ઉપર અમલની નિય્યતથી દીનની વાત મોકા બ મોકા તથા સમયે-સમયે આધારભુત રીતે પહોંચાડવા માટે આ એક નમ્ર પ્રયાસ ઝિલહજ્જ, ૧૪૩૯ (૨૦૧૮)ના શરૂ કર્યો હતો. આ ગૃપમાં અઠવાડિયામાં સામાન્ય રીતે બે વાર મેસેજ દ્વારા દીનની વાતો પહોંચાડવામાં આવે છે.

અલ્લાહપાકના ફઝલો કરમથી ઝિલહજ્જ, ૧૪૨૦ના એક વર્ષ પુરૂ થયું

**ذٰلِکَ فَضۡلُ اللّٰہِ یُؤۡتِیۡہِ مَنۡ یَّشَآءُ**

તર્જુમો:-આ (હિદાયત મળવું) અલ્લાહની કૃપા છે, ચાહે તેને આપે છે.. અલ્લાહપાક ઇસ્તિકામત સાથે જારી રાખે તથા આપણા સૌ માટે દીની-દુન્યવી દ્રષ્ટિએ ફાયદાકારક અને દુનિયા-આખિરત માટે કામિયાબીનો ઝરીઓ બનાવે. એવી દુઆ અને દુઆની નમ્ર ગુઝારિશ.

**આ ગૃપમાં મેસેજ થઇ શકશે નહી.**

## (૧૨૧) : કુરબાની માટે સવાલો ઉઠાવવા :

કુરબાનીના હુકમ પર આમ તોર પર સવાલ કરવામાં આવે છે કે કુરબાની કરવાથી જાનવરો ખતમ થઇ જશે. અને દર વરસે જાનવરો ઝબહ કરવામાં જેટલા રૂપિયા ખર્ચ થાય છે તે ગરીબો, બેવાઓની મદદમાં વાપરવામાં આવે અથવા એ રકમ હોસ્પિટલ, મુસાફિરખાના વગેરેમાં વાપરવામાં આવે તો લોકોને એ રકમથી સારો ફાયદો પહોંચી શકે છે. અને કુરબાની કરવાથી શું ફાયદો? તો એનો જવાબ એ છે કે દુનિયાની દરેક ચીઝની એક સૂરત અને ઝાહેરી દેખાવ હોય છે. અને એક તેની રૂહ હોય છે. જેવી રીતે કપડાંનો ઝાહેરી દેખાવ કપડું છે અને તેની રૂહ સતર ઢાંકવું અને શરીરનું રક્ષણ કરવું છે. ખાવાની એક ઝાહેરી સૂરત છે કે જે દસ્તરખ્વાન પર દરેકની સામે મુકેલી વસ્તુઓ હોય છે, અને તેની રૂહ પેટ ભરવું અને જીવન ટકાવવું છે. એ જ પ્રમાણે શરીઅતમાં દરેક અમલનો એક ઝાહેરી દેખાવ છે અને એક રૂહ છે. જેવી રીતે વુઝુ ખાસ તરીકા પર બેસી બદનના અવયવોને ધોવું એ એનો ઝાહેરી દેખાવ છે. અને વુઝુથી પાકી હાસિલ કરી અલ્લાહના દરબારમાં હાજરીના લાયક થઇ શકવું એ એની રૂહ છે. (બાકી)

## (૧૨૨) : કુરબાની માટે સવાલો ...

એ જ પ્રમાણે ગુસલ કરવાની ઝાહેરી સૂરત બદનના અવયવો ને ધોવું છે અને એની રૂહ (તન-મનની) પાકી અને સફાઇ હાસિલ કરવું છે. નમાઝની ઝાહેરી સુરત નિય્યત કરી હાથ બાંધી ઉભા રહેવું અને રૂકુઅ,સજદો વગેરહ અદા કરવું છે અને એની રૂહ ખુદાપાકની નઝદીકી હાસિલ કરવી અને પોતાની બંદગી અને આજીઝી ઝાહેર કરવું છે. રોઝહની રૂહ તઝકિયએ નફસ છે. ઝકાત અને સદકાની રૂહ અલ્લાહના રસ્તામાં માલ કુરબાન કરવું છે. તો જયાં સુધી ઝાહેરી સુરત ઈખ્તિયાર કરવામાં ન આવે ત્યાં સુધી તેની રૂહ હાસિલ થઇ શકતી નથી. જેમકે જયાં સુધી નમાઝની ઝાહેરી સૂરત રૂકુઅ-સજદા વગેરે અદા કરવામાં ન આવે ત્યાં સુધી નમાઝની રૂહ બંદગી અને આજીઝી (નમ્રતા) હાસિલ થશે નહી. એજ પ્રમાણે શરીઅતના દરેક કામોની ઝાહેરી સૂરત જયાં સુધી ઈખ્તિયાર કરવામાં ન આવે ત્યાં સુધી તેની રૂહ (Spirit)હાસિલ થઇ શકશે નહી.

અગર કુરબાનીના બદલે ગરીબો,બેવાઓ વગેરેની મદદ કરવામાં આવે તો એનાથી સદકાની રૂહ અને ફાયદો હાસિલ થશે પરંતું કુરબાનીની રૂહ પોતાના મહબુબ ચીઝને ખુદાના રસ્તામાં કુરબાન કરવું (ત્યાગભાવ) હાસિલ થઇ શકશે નહી. (બાકી)

## (૧૨૩) : કુરબાની માટે સવાલો...

માટે અગર કોઇ માણસ કુરબાની ન કરે અને તેના બદલામાં ખૈરાત કરે તો કયામતના દિવસે તેને ખૈરાતનો સવાબ મળશે, પરંતુ કુરબાની ન કરવા વિષે પુછવામાં આવશે, જેમકે કોઇ માણસ નમાઝ પઢતો રહે અને રોઝહ-ઝકાત અદા ન કરે તો નમાઝનો સવાબ મળશે પરંતુ રોઝહ અને ઝકાતની પૂછ થશે. જયારે આ વાત જાણી લીધી કે જાનવરોની કુરબાની જે પ્રતિવર્ષ મુસલમાનો માટે જરૂરી છે એ ઇબ્રાહીમી યાદગાર છે તો એથી એ પણ સ્પષ્ટ થઇ ગયું કે જાનવરની કિંમતનો સદકો કરી આપવું અથવા બીજા કોઇ નેક કામમાં રકમ ખર્ચ કરી આપવાથી આ ફર્ઝથી મૂકત થઇ શકશે નહી. જેવી રીતે કે રોઝહની જગ્યાએ નમાઝ અને નમાઝને બદલે રોઝહ અદા થઇ શકતા નથી અને ઝકાતને બદલે હજ કે હજના બદલે ઝકાત ચાલી શકે નહી. કોઇ માણસ પોતાની બધી માલ-મિલકત અલ્લાહના માર્ગમાં સદકો કરી આપે તેજ પ્રમાણે ગમે તેટલો સદકો ખૈરાત કરવામાં આવે પરંતુ ઇબ્રાહીમી યાદગાર કુરબાનીનો ફર્ઝ અદા થશે નહી એજ પ્રમાણે ખૈર-ખૈરાત નફલી ઇબાદતો છે અને કુરબાની કરવી વાજિબ છે. તો ખૈરાત અને ગરીબોની મદદ કરવાથી વાજિબ કુરબાની અદા થયેલી ગણાશે નહી, કારણકે એનાથી કુરબાનીની રૂહ (જઝબો, Sprit)પેદા થતી નથી. વળી કુરબાનીના જાનવરોના ગોશ્ત,ચામડાં અને તેની કિંમતથી ગરીબોની મદદ કરવામાં આવે છે, એમાં પણ ગરીબોનો ફાયદો જ છે.

## (૧૨૪) : ઝીલહજ્જના પહેલા દાયકાની ફઝીલત :

ઝિલહજના મુબારક મહિનાની ફઝીલતો અને બરકતો બેશુમાર છે. હદીસોમાં એ મહિનાની બુઝુર્ગી ઘણી બયાન કરવામાં આવી છે. ખાસ કરીને એ મહિનાના પહેલા દસ દિવસોમાં અલ્લાહતઆલા તરફથી ઘણી બરકતો અને રહમતો નાઝિલ થાય છે. હઝ.અબુ હુરૈરહ રદી.થી રિવાયત છે કે આપ સલ.એ ફરમાવ્યું કે ઇબાદત માટે ઝીલહજ્જના પહેલા દસ દિવસોથી બેહતર કોઇ વખત નથી, એમાં દરેક દિવસનો રોઝો એક વરસના રોઝા બરાબર અને એક રાતની ઇબાદત લયલતુલ કદરમાં ઇબાદત કરવા બરાબર છે. (મિશ્કાત પે-૧૮૮) હઝ. હફસા રદી. બયાન ફરમાવે છે કે આપ સલ. ઝિલહજ્જની પહેલી તારીખથી નવમી તારીખ સુધીના રોઝા રાખતા હતા.

આપ સલ.એ ફરમાવ્યું કે અરફહના દિવસે એટલે ઝીલહજ્જની નવમી તારીખનો રોઝો રાખવાથી આવતા એક વરસ અને પાછલા એક વરસના ગુનાહો માફ થઇ જાય છે. (કન્ઝુલ ઉમ્માલ) અરફહ અને ઇદની વચલી રાતમાં ઇબાદત કરવું બહું જ ફઝીલત અને સવાબનું કામ છે. અરફાતના મેદાન પર અફાહના દિવસે આપણા નબી સલ.પર ખુદાપાકે પોતાની રઝામંદી અને દીનને કામીલ (complete) કરી દીધાની બશારત આપતી આયત નાઝિલ ફરમાવી હતી.

## (૧૨૫) : કુરબાની બાબતે જરૂરી એહતિયાતઃ

કુરબાની કરવા બાબત ઇસ્લામે ઘણાં સૂચનો કર્યા છે, તેને ધ્યાનમાં રાખવા આવશ્યક છે, એવું ન થવું જોઇએ કે એક ઇબાદતની અદાયગીમાં અન્ય ઇસ્લામી આદેશો અને ઉપદેશોનો ભંગ થાય. આ માટે નીચે દર્શાવેલા આદેશો અને ઉપદેશો તરફ લક્ષ (ધ્યાન) કેન્દ્રિત કરવું જોઇએ.

**(૧)** ઇસ્લામે ઘણી જ સખતાઇપૂર્વક-ભારપૂર્વક હુકમ આપ્યો છે કે પોતાના કોઇપણ અમલથી અન્ય કોઇને તકલીફ પહોંચવી જોઇએ નહી.(અત્તરગીબ વત્તરહીબઃ ૩/૨૩૯) **(૨)** આપ સલ.નું ફરમાન છે કે લોકોના રસ્તામાં ગંદકી ન કરો. તદુપરાંત, આપ સલ. એ ફરમાવ્યું છે કે, જે કોઇએ રસ્તામાં ગંદકી રાખી તો તેના ઉપર અલ્લાહતઆલા, અલ્લાહના ફરિશ્તાઓ અને તમામ લોકોની લઅનત વરસે છે. (અત્તરગીબ વત્તરહીબઃ ૧/૮૧) **(૩)** આપ સલ.એ પોતાનું ઘર તથા આંગણાને સ્વચ્છ રાખવાનો આદેશ આપ્યો છે અને ગંદકી કરવાને ગૈરઇસ્લામી કૃત્ય લેખાવ્યું છે. (તિરમિઝીઃ ૨/૧૦૭) **(૪)** આપ સલ.એ ફરમાવ્યું કે મારી સમક્ષ મારી ઉમ્મતના સારા-નરસા અમલો (કર્મો) પેશ કરવામાં આવ્યા, તો તે અમલોમાં સર્વશ્રેષ્ઠ અમલ રસ્તામાંથી નડતરરૂપ વસ્તુને હટાવવાનો અમલ હતો. (ઇબ્ને માજહઃ ૩૭૬)

હુઝુર સલ.ની ઉપરોક્ત હદીસોની રોશનીમાં કુરબાની કરનાર પ્રત્યેક મુસલમાનની ફરજ છે કે તે કુરબાનીના બિનજરૂરી અંગો-ઉપાંગોને રસ્તામાં ન ફેંકે, બલકે તેને યોગ્ય ઠેકાણે દફનાવી દે. વ્યવસ્થિત તરીકાથી પરદા અને આડવાડ સાથે એવી ગુપ્ત રીતે કામ કરે કે કોઇને પણ તકલીફ ન થાય. કુરબાની ઇબાદત છે, માટે ઇબાદતને એવી રીતે અદા કરે કે ઇબાદતનો મુખ્ય હેતુ માર્યો ન જાય.

કુરબાનીની પવિત્ર ઇબાદતમાં એવી કોઇ ગેરરીતિ અને અનીતિ અપનાવવામાં ન આવે, જેનાથી ઇસ્લામ અને મુસલમાનો બદનામ થાય. સ્વચ્છતાનો ખાસ ખ્યાલ રાખવો જોઇએ. અને ઇબાદતનો મહિમા જળવાય રહે એ રીતે કુરબાની કરવી જોઇએ.

**સાભારઃ- (પ્રકાશન વિભાગ) દારૂલ ઉલૂમ ભરૂચ-કંથારીઆ**

## (૧૨૬) : ગીબત (Backbite)

ઇનસાનની પીઠ પાછળ એની એવી વાતો કરવી કે જો એને ખબર પડીજાય તો તેને બુરૂ લાગે, એ ગીબત છે, અને જો તે ઐબ અને ખરાબી તેનામાં ન હોય જે બયાન કરવામાં આવે છે તો તે તોહમત છે. ગીબત અને તોહમત એ બન્ને નાજાઇઝ અને મોટા ગુનાહ છે, અને આ ગુનાહ આ દ્રષ્ટિથી પણ ખતરનાક છે કે એનો સબંધ માણસોના હકથી છે, અને આ ગુનાહ ત્યાં સુધી માફ નથી થતા જયાં સુધી કે તે માણસ માફ ન કરે જેની ગીબત કરવામાં આવી છે, અથવા જેના પર તોહમત લગાવવામાં આવી છે,

ગીબત માટે કુર્આન શ. અને હદીસોમાં ઘણી સખ્ત વઇદ આવી છે. કુર્આન શ.માં આ ગુનાહની સખ્તી બયાન કરવા માટે એવા શબ્દો ઇસ્તેમાલ કરવામાં આવ્યા છે કે શાયદ કોઇ બીજા ગુનાહ માટે આવા શબ્દો વાપરવામાં નથી આવ્યા. અલ્લાહ તઆલા ફરમાવે છે “અને એક બીજાની ગીબત ન કરો ! શું તમારા માથી કોઇ પસંદ કરે છે કે તે પોતાના મુર્દાર ભાઇનું ગોશ્ત ખાય? એને તો તમે પોતે નાપસંદ કરો છો” (આસાન તર્જુમએ કુર્આન ૩/૧૫૮૫)

**(અલબલાગ- કરાંચી, જાન્યુઆરી-૨૦૧૮)**

## (૧૨૭) : ગીબતઃ (Backbite)

હઝ.સઇદ ખુદરી રદી.થી રિવાયત છે કે રસુલુલ્લાહ સલ.એ ફરમાવ્યું જે માણસનો માલ ઓછો હોય અને છોકરાઓ વધારે હોય, નમાઝ સારી રીતે પઢતો હોય, અને મુસલમાનોની ગીબત ન કરતો હોય તો એ માણસ અને હું કયામતના દિવસે એવી રીતે હોઇશું જેમ કે બે આંગળીઓ. (તહઝીબુલ આસાર ૨૩/૬)

ખુલાસોઃ- આપ સલ.એ શહાદત અને વચ્ચેની આંગળી સાથે સાથે કરીને કહ્યું કે જેવી રીતે આ બે આંગળીઓ સાથે સાથે છે, એવી જ રીતે હું અને તે માણસે સાથે હોઇશું જે નીચેના ચાર કામ કરે. (૧) માલ ઓછો હોય તો સબરથી કામ લે. (૨) એહલો અયાલ વધારે હોય તો માંગવાથી બચે. (૩) અલ્લાહના ધ્યાનની સાથે નમાઝ પઢવાનો એહતેમામ કરે. (૪) ગીબત કરવાથી પોતાની ઝબાનને બચાવે.

એવીજ રીતે જે માણસ પોતે પણ ગીબત ન કરે અને જયા કોઇ મુસલમાનની ગીબત થતી હોય ત્યાં તેને રોકે તો આવા માણસ માટે પણ મોટો સવાબ અને બદલો છે. એક હદીસમાં છે, હઝ.અસ્મા બિનતે યઝીદ રદી.થી રિવાયત છે કે નબીએ કરીમ સલ.એ ફરમાવ્યું, જે માણસ પોતાના મુસલમાન ભાઇની ગૈર મવજુદગીમાં એના ગોશ્તની હિફાઝત કરે (એટલે કે એની ગીબત કરે તો એને રોકે) તો અલ્લાહતઆલા પર તેનો હક છે કે એને દોઝખ થી આઝાદ ફરમાવશે. **(અલબલાગ- કરાંચી, જાન્યુ.૧૮)**

## (૧૨૮) : ગીબત (Backbite)

હઝ.સઇદ અને હઝ.જાબિર રદી.થી રિવાયત છે કે રસુલુલ્લાહ સલ.એ ફરમાવ્યું ગીબત ઝિનાથી પણ મોટો (ગુનો અને વબાલ ) છે. સહાબા રદી.એ પૂછ્યું યા રસુલુલ્લાહ સલ. ગીબત ઝિનાથી પણ મોટો ગુનોહ કેવી રીતે છે? આપ સલ.એ ફરમાવ્યું ઝિના કરવાવાળો જયારે તૌબા કરે છે તો અલ્લાહતઆલા એની તૌબાને કબુલ કરી લે છે, અને એને બક્ષી આપે છે. અને ગીબત કરવાવાળાની ત્યાં સુધી બક્ષીશ નથી થતી જયાં સુધી તે માણસ માફ ન કરે જેની ગીબત કરવામાં આવી છે. (મિશ્કાત શ. ૫૬/૩)

હઝ.અનસ બિન માલિક રદી.થી રિવાયત છે કે રસુલુલ્લાહ સલ.એ ફરમાવ્યું જયારે મને મેઅરાજ પર લઇ જવામાં આવ્યો તો હું એવા લોકો પાસેથી પસાર થયો જેમના નખ તાંબાના છે, અને તે લોકો તેમના નખથી પોતાના ચેહરા અને સીનાના ગોશ્તને ખેંચી રહ્યા છે, (જેને લઇને એમના ચેહરા ખુનવાળા થઇ ગયા છે, અને ચેહરાના હાડકા નીકળી ગયા છે, અને ડરાવની શકલ થઇ ગઇ છે) મે હઝ. ઝિબ્રઇલ અલ.થી પુછ્યું કે આ કોણ માણસો છે? એમણે જવાબ આપ્યો કે આ તે લોકો છે જે (ગીબત કરીને) લોકોનો ગોશ્ત ખાતા હતા. અને તેમની બેઇઝઝતી કરતા હતા. (અબુદાઉદ ૪૨૦/૪ )**(અલબલાગ- કરાંચી, જાન્યુ.૧૮)**

## (....) : અરફહ ના રોઝાની ફઝીલત

રસુલુલ્લાહ સલ.એ ઈરશાદ ફરમાવ્યો કે હું અલ્લાહતઆલાથી ઉમ્મીદ રાખું છું કે અરફહ (નવમી ઝિલહજજ) નો એક રોઝો ગયા એક વર્ષ અને આવતા એક વર્ષના ગુનાહોનો કફ્ફારો થઇ જાય છે. (મુસ્લિમ શ.)

હુઝુર સલ.એ ઈરશાદ ફરમાવ્યો કે જેણે અરફહનો રોઝો રાખ્યો તો તેના સતત બે વર્ષના ગુનાહ માફ કરી દેવામાં આવે છે. (તરગીબ)

નબીએ કરીમ સલ.એ ઈરશાદ ફરમાવ્યો કે જે માણસ બન્ને ઇદો (ઇદુલ ફિત્ર અને ઇદુલ અદહા)ની રાતોમાં સવાબની ઉમ્મીદ સાથે (ઇબાદત માટે) જાગતો રહ્યો તો તેનું દીલ તે દિવસે જીવંત રહેશે જે દિવસે કે બધાના દિલ મુર્દા હશે. (તરગીબ, ઇબ્ને માજહ)

**તકબીરે તશરીક:- અલ્લાહુ અકબર, અલ્લાહુ અકબર, લા ઇલા-હ ઇલ્લલ્લાહુ વલ્લાહુ અકબર, અલ્લાહુ અકબર, વલિલ્લાહિલ હમ્દ.**

અરફાની ફજરની નમાઝથી ૧૩ તારીખની અસર સુધી દરેક ફર્ઝ નમાઝ પછી એક વાર પઢવું દરેક મર્દ અને ઓરત માટે વાજિબ છે.

કુલ ૨૩ ફર્ઝ નમાઝોમાં આ તકબીર પઢવામાં આવશે. (બયહકી, આસારુસ્સુનન)

મર્દો દરમિયાની બુલંદ અવાઝથી પઢે અને ઓરતો આહિસ્તા અવાઝથી પઢે.

## (૧૨૯) : બિમારીમાં સબર અને શુક્ર

હઝ.અતા બિન યસાર રદી.થી રિવાયત છે કે જયારે બંદો બીમાર પડે છે તો અલ્લાહતઆલા તેની પાસે બે ફરિશ્તા મોકલે છે અને ફરમાવે છે કે જુઓ તે પોતાના અયાદત કરનારાઓને શું કહે છે. જયારે અયાદત કરનારાઓ તેની પાસે આવે છે ત્યારે જો તે બંદો અલ્લાહતઆલાની હમ્દો સના કરે છે તો (ફરિશ્તાઓ) અલ્લાહતઆલા સુધી આ વાત પહોંચાડે છે, અલ્લાહતઆલા સૌથી વધારે જાણનાર છે અને ફરમાવે છે કે મારા ઉપર મારા બંદાનો આ હક છે કે અગર મેં તેને મૌત આપી તો હું તેને જન્નતમાં દાખલ કરીશ, અને અગર તંદુરસ્તી આપી તો તેને પહેલાં કરતા વધારે સારુ શરીર (ગોશ્ત અને ખૂન) પૈદા કરી આપીશ, અને તેની બૂરાઇઓને મીટાવી આપીશ. (મુઅત્તા ઇમામ માલિક-૧૭૦૫)

**બુખાર (Fever) :** હઝ.અબૂ હુરૈરહ રદી.થી રિવાયત છે કે રસુલુલ્લાહ સલ.એ એક બિમારની અયાદત ફરમાવી. હઝ.અબૂ હુરૈરહ રદી. આપ (સલ.) સાથે હતા. બીમારને તાવની શિકાયત હતી. રસુલુલ્લાહ સલ.એ ફરમાવ્યું તમને ખૂશ ખબરી મળે. અલ્લાહતઆલા ફરમાવે છે કે આ બીમારી (એટલે કે તાવ) મારી આગ છે જેને હું દુનિયામાં પોતાના બંદા ઉપર (એટલા માટે) મોકલુ છું કે આખિરતમાં તેના ભાગની આગ (નો બદલો) થઇ જાય. (ઇબ્ને માજહ - ૩૪૭૦)

## (૧૩૦) :હિજરી સન વિષે:

મોહર્રમનો મહિનો સન હિજરીનો પહેલો માસ છે. અત્યાર સુધી ૧૪૪૦ હિજરી હતી. હવે ૧૪૪૧ હિજરી શરૂ થઇ રહી છે.

એની શરૂઆત તો હુઝુરેપાક સલ.ના હિજરતની ઘટનાથી છે પરંતુ ઇસ્લામી હિજરી સનની શરૂઆત હિજરી સન ૧૭ હઝરત ઉમર રદી.ના શાસનકાળ દરમિયાન થઇ. જેની હકીકત એ છે કે હઝ.અબુ મુસા અશ્અરી રદી. યમનના ગવર્નર હતા. તેમણે હઝ. ઉમરને કહ્યું કે આપના ફરમાનો અમારી પાસે આવે છે, પરંતુ તેના ઉપર તારીખ અને હિજરી (સાલ) હોતી નથી. અગર એ હોય તો ઇન્તેઝામમાં સહુલત થાય. આથી હઝ. ઉમર રદી.ની રાય મુજબ નક્કી થયું, કે સને તારીખનો આધાર હિજરત પર રાખવામાં આવે. અને મક્કાથી મદીના હિજરત ૧૨ રબીઉલ અવ્વલના થઇ હતી. પરંતુ વર્ષની ઇબ્તિદાઅ મોહર્રમથી કરવામાં આવી કારણ કે નબુવ્વતના તેરમા વર્ષે ઝિલહજ્જના બિલકુલ અંતમાં મદીનએ મુનવ્વરહ તરફ હિજરત કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. (બુખારી શ. ૫૬૦, ફત્હુલબારી, ઐની ૧૭/૬૬)

(અઝ કિતાબ મુફતી ઇસ્માઇલ વાડીવાલા સા. રહ.)

## (૧૩૧) : દસમી મોહર્રમ (યવમે આશુરહ)ની ફઝીલત

દસમી મોહર્રમના ઘણા જ સારા કાર્યો અને બનાવો બન્યા છે. એજ કારણે એ દિવસની ફઝીલત ઘણી છે. જેમકે (૧) હઝરત ઇબ્રાહીમ અલ.ને નમરૂદની આગથી એજ દિવસે છુટકારો મળ્યો હતો. (૨) હઝરત નુહ અલ.ની કશ્તી જુડી પહાડ ઉપર આજ દિવસે થોભી હતી જેથી કાફિરો ડૂબી ગયા અને મુસલમાનોને સુરક્ષિત રાખવામાં આવ્યા (૩) હઝરત યુનુસ અલ.ને માછલીના પેટમાંથી આ દિવસે નજાત મળી હતી. (૪) આદમ અલ.ની તૌબા કબુલ થઇ હતી. (૫) યુસુફ અલ.ને કૂવામાંથી કાઢવામાં આવ્યા હતા. (૬) ઇસા અલ. આજ દિવસે પેદા થયા અને એજ દિવસે આસમાન ઉપર ઉઠાવી લેવામાં આવ્યા. (૭) ઇબ્રાહીમ અલ. પેદા થયા. (૮) યાકુબ અલ.ને અંધ થઇ જવા પછી એજ દિવસે આંખોની રોશની પાછી આપવામાં આવી. (૯) સુલેમાન અલ.ને હુકુમત મળી. (૧૦) ઐયુબ અલ.ને બિમારીથી તંદુરસ્તી મળી. (૧૧) ઇદ્રીસ અલ.ને આસમાન ઉપર ઉઠાવી લેવામાં આવ્યા. (૧૨) આપ સલ.ની દરેક ખતાઓની માફીનું એલાન કરવામાં આવ્યું. (અવજઝ ૩/૪૮, ઐની ૧૧૭-૧૧૮ ભાગ-૧૧)

(અઝ કિતાબ મુફતી ઇસ્માઇલ વાડીવાલા સા. રહ.)

## (૧૩૨) : યવમે આશૂરા નો રોઝો:

દસમી મુહર્રમના રોઝહની ઘણી ફઝીલત છે, “આપ સલ.એ ફરમાવ્યું કે હું અલ્લાહથી ઉમ્મીદ રાખું છું કે દસમી મોહર્રમનો રોઝો ગયા વર્ષના ગુનાહોનો કફફારો કરી આપશે.” (તિરમીઝી) પરંતુ એક રોઝો રાખવામાં યહુદીઓ સાથે સરખામણી થાય છે માટે આપ સલ.એ એની સાથે બીજો રોઝો રાખવાનો ઇરાદો ફરમાવ્યો હતો. જેથી બે રોઝહ રાખવું અફઝલ છે. (નવ અને દસ અથવા દસ અને અગિયાર)

હઝરત અબૂ હુરયરહ રદી. હુઝુરે પાક સલ.નો ઈરશાદ નકલ ફરમાવે છે કે “માહે રમઝાનના સૌથી અફઝલ રોઝા પછી માહે મુહર્રમમાં યવમે આશૂરાનો રોઝો તેમજ પાંચ વખતની સૌથી અફઝલ નમાઝો પછી તહજ્જુદની નમાઝ અફઝલ છે. (તિરમિઝી- નસાઇ)

**આશુરા ના દિવસે કરવાનો બીજો અમલ:** આપ સલ.એ ફરમાવ્યું કે જેણે આશુરાના દિવસે (પોતાની હેસિયત મુજબ) પોતાના બાલ-બચ્ચાઓ (ઘરવાળાઓ) પર કુશાદગી (ઉદારતા) કરી, અલ્લાહતઆલા આખુ વર્ષ એના ઉપર કુશાદગી ફરમાવશે. (રઝીન,બયહકી, દુર્રે મન્સૂર, ૬/૩૪૫)

મોહર્રમના મહીનામાં કરબલાની ઘટનાને યાદ કરવાને બદલે તથા ગમ અને માતમ સમજવાને બદલે એ દિવસોમાં મસનૂન અમલ રોઝો રાખવું છે.

## (૧૩૩): હઝ.અનસ બિન માલિક રદી.ની દુઆ:

دعاء الستر

بِسْمِ اللّٰهِ عَلٰى نَفْسِىْ وَدِيْنِىْ بِسْمِ اللّٰهِ عَلٰى اَهْلِىْ وَمَالِىْ وَوَلَدِىْ
بِسْمِ اللّٰهِ عَلٰى مَا اَعْطَانِىَ اللّٰهُ اَللّٰهُ رَبِّىْ لَا اُشْرِكُ بِهٖ شَيْئًا،
اَللّٰهُ اَكْبَرُ اَللّٰهُ اَكْبَرُ وَاَعَزُّ وَاَجَلُّ وَاَعْظَمُ مِمَّا اَخَافُ وَاَحْذَرُ
عَزَّ جَارُكَ وَجَلَّ ثَنَآؤُكَ وَلَا اِلٰهَ غَيْرُكَ، اَللّٰهُمَّ اِنِّىْ
اَعُوْذُ بِكَ مِنْ شَرِّ نَفْسِىْ وَمِنْ شَرِّ كُلِّ شَيْطٰنٍ مَّرِيْدٍ
وَمِنْ شَرِّ كُلِّ جَبَّارٍ عَنِيْدٍ فَاِنْ تَوَلَّوْا فَقُلْ حَسْبِىَ اللّٰهُ لَا اِلٰهَ اِلَّا هُوَ،
عَلَيْهِ تَوَكَّلْتُ وَهُوَ رَبُّ الْعَرْشِ الْعَظِيْمِ، اِنَّ وَلِىِّۦَ اللّٰهُ الَّذِىْ
نَزَّلَ الْكِتٰبَ وَهُوَ يَتَوَلَّى الصّٰلِحِيْنَ ، وَصَلَّى اللّٰهُ تَعَالٰى عَلٰى خَيْرِ خَلْقِهٖ
سَيِّدِنَا مُحَمَّدٍ وَّعَلٰى اٰلِهٖ وَاَصْحَابِهٖ اَجْمَعِيْنَ
بِرَحْمَتِكَ يَا اَرْحَمَ الرّٰحِمِيْنَ ،

દુશ્મનોની શરારત (તકલીફ) થી હિફાઝત માટે ફઝર અને મગરીબ પછી પાબંદીથી પઢવામાં આવે. હુઝુર સલ.એ હઝ.અનસ રદી.ને શૈતાન, ઝાલિમ શાસક, અને હિંસક પ્રાણીઓથી હિફાઝત માટે આ દુઆ તઅલીમ ફરમાવી હતી.

(શબ્દોના થોડાક ફેરફાર સાથે આ દુઆ હદીસની જુદી જુદી કીતાબોમાં મવજુદ છે.) વધુ હવે પછી..

## (૧૩૪): હઝ.અનસ બિન માલિક રદી.ની દુઆઃ

**બિસ્મિલ્લાહિ અલા નફ્સી વ દીની, બિસ્મિલ્લાહિ અલા અહલી વમાલી વ વલદી બિસ્મિલ્લાહિ અલા મા અઅતાનિ-યલ્લાહુ, અલ્લાહુ રબ્બી લા ઉશરિકુ બિહી શયઆ, અલ્લાહુ અકબર અલ્લાહુ અકબર અલ્લાહુ અકબર, વ અઅઝ્ઝુ વ અજલ્લુ વ અઅઝમુ મિમ્મા અખાફુ વ અહઝરુ, અઝ્ઝ-ઝ જારુ-ક વ જલ્લ ષનાઉ-ક વલા ઇલા-હ ગય્રુક. અલ્લાહુમ્મ ઇન્ની અઊઝુ બિ-ક મિન શર્રિ નફ્સી, વમિન શર્રિ કુલ્લિ શયતાનિમ મરીદિંવ વમિન શર્રિ કુલ્લિ જબ્બારિન અનીદ. ફઇન તવલ્લવ ફકુલ હસ્બિયલ્લાહુ લા ઇલાહ ઇલ્લા હુ-વ અલય્હિ તવક્કલતુ વહુ-વ રબ્બુલ અર્શિલ અઝીમ, ઇન્ન વલિય્યિ-યલ્લાહુલ્લઝી નઝ્ઝલલ કિતા-બ વહુ-વ ય-તવલ્લસ સાલિહીન.**

(તબરાની ૩/૧૫૧, કંઝુલ ઉમ્માલ ૨/૨૨૧ થોડા ફર્ક સાથે)

ઉમર, જાન, માલ, અને અવલાદમાં બરકત તથા બીમારી, અત્યાચાર, આફતો, જાદુ, અને શૈતાની શરારતથી હિફાઝત માટે નબવી નુસ્ખો છે. વર્તમાન સમયના હાલાતમાં બુઝુર્ગોએ આ દુઆની તાકીદ ફરમાવી છે. સવાર-સાંજ ખાસ પાબંદી સાથે પઢવામાં આવે.- આ દુઆ હઝ.અનસ રદી.ની વાલિદાની દરખ્વાસ્ત પર દીન-દુનિયા અને આખિરતની ભલાઇ માટે હુઝૂર સલ.એ ખાસ ફરમાવી હતી.

## (૧૩૫) બીમાર પુરસી (અયાદત) અને પાણી પીવડાવવું:

હઝ.અબુ હુરૈરહ રદી.થી રિવાયત છે કે રસુલુલ્લાહ સલ.એ ફરમાવ્યું, અલ્લાહતઆલા કયામતના દિવસે ફરમાવશે: એ ઇબ્ને આદમ! હું બીમાર થયો તો તમે મારી અયાદત (ખબર) ના લીધી? તે કહેશે એ મારા રબ! હું કેવી રીતે આપની અયાદત કરી શકું, જયારે આપ તો પુરી દુનિયાના પરવરદિગાર છો. (અલ્લાહતઆલા ફરમાવશે) શું તમને ખબર નથી કે મારો ફલાણો બંદો બીમાર પડયો અને તમે તેની ખબર ન લીધી, શું તમને ખબર ન હતી કે જો તમે તેની ખબર લીધી હોત તો તમે મને તેની પાસે જોતે. (પછી અલ્લાહતઆલા ફરમાવશે) એ ઇબ્ને આદમ! મે તમારાથી પાણી માગ્યું તો તમે મને પાણી નથી પીવડાવ્યું, તે કેહશે એ મારા રબ! હું કંઇ રીતે આપને પાણી પીવડાવી શકું છું, જોકે તમે આખા જગતના પાલનહાર છો. (અલ્લાહતઆલા ફરમાવશે) તમારાથી મારા ફલાણા બંદાએ પાણી માંગ્યુ તો તમે એને પાણી ન પીવડાવ્યું જો તમે એને પાણી પીવડાવતે તો તમે એને (એનો બદલો) મારી પાસે પામતે. (મુસ્લિમ હ.૨૦૪૯)

## (૧૩૬)

## : નેકી અને ગુનાહની ઓળખ:

હઝ.નવાસ બિન સમ્માન અન્સારી રદી. ફરમાવે છે કે મેં રસુલુલ્લાહ સલ.થી નેકી અને ગુનાહના વિશે પુછયું, રસુલુલ્લાહ સલ.એ ઈરશાદ ફરમાવ્યું નેકી સારા અખ્લાક (ચારિત્ર્ય- character)નું નામ છે. અને ગુનાહ તે છે જે તમારા દિલમાં ખટકે તથા તમને આ વાત નાપસંદ હોય કે લોકોને એની ખબર થાય. (મુસ્લિમ શ.)

### લોકોના હકો દુનિયામાં અદા કરો

હઝ.અબુ હુરૈરહ રદી.થી રિવાયત છે કે રસુલુલ્લાહ સલ.એ ફરમાવ્યું જે માણસના પાસે એના ભાઇનો છીનવી લીધેલો કોઇ હક હોય તો પોતાના ભાઇથી આજે (દુનિયામાં) એને હલાલ કરાવી લે કે કયામતમાં પોતાની પાસે ન દીનાર હશે અને ન દિરહમ, જો કોઇ નેક અમલ હશે તો નેક અમલમાંથી સાથી (હકદાર)ના હકોના બરાબર (નેકીઓ) લઇ લેવામાં આવશે અને જો નેકીઓ નહી હશે તો સાથીની બુરાઇઓ લઇને એના ઉપર નાખી દેવામાં આવશે. (સહીહ બુખારી ૫/૧૦૧, ૧૧/૩૯૫)

## (૧૩૭)

## હઝ. ઉમર બિન ખત્તાબ રદી.

ઈસ્લામના બીજા ખલીફા હતા, પેહલી મુહર્રમના રોઝ આપ રદી.નો ઈન્તેકાલ (શહાદત) થઇ હતી. હુઝુર સલ.એ ફરમાવ્યું અગર મારા પછી કોઇ નબી હોતે તો તે હઝ.ઉમર બિન ખત્તાબ રદી. હોત. (તિર્મિઝી શ.)

રસુલુલ્લાહ સલ.એ ફરમાવ્યું કે અલ્લાહતઆલાએ ઉમર રદી.ની ઝબાન અને દિલ પર હક (સત્ય) જારી ફરમાવ્યું છે. (મિશ્કાત) અર્થાતઃ- હઝ. ઉમર રદી. સત્યના પ્રવક્તા છે. ઘણીવાર હઝ. ઉમર રદી. જે બોલતા કે ઈચ્છતા તે જ બાબત (શબ્દો) કુર્આન શ.ની આયત સ્વરૂપે નાઝિલ કરવામાં આવતા. એક હદીસમાં છે કે ઉમર રદી.થી બેહતર કોઇ નથી થયા. હઝ. ઉમર રદી. સૌથી શ્રેષ્ઠ છે. (તિર્મિઝી)

હઝ.ઉમર રદી.ના શાસનનો વિસ્તાર ૨૨,૫૧,૦૩૦ ચો.માઇલ હતો. સૌ પ્રથમ એમણે પોતાના શાસનમાં રાજ્યોની રચના કરી તેના ઉપર ગવર્નરોની નિમુર્ણક કરી. પોલીસખાતુ શરૂ કરી તેના ઉપર અધિકારીઓ નીમ્યા. જેલની વ્યવસ્થા ઉભી કરી. બૈતુલમાલ (નાણાખાતા)ની વ્યવસ્થિત રચના શરૂ કરી. શિક્ષણ માટે વ્યવસ્થિત તંત્રની શરૂઆત કરી. ન્યાયતંત્રની રચના કરી. આપના સમયનો ન્યાય ઇતિહાસમાં ઉદાહરણરૂપ છે.

## (૧૩૮) હઝ. ઉમર રદિ.ની નસીહતઃ

(૧) જે માણસ વધારે હસે છે તેનો રુઆબ (પ્રભાવ) ઓછો થઇ જાય છે. (૨) જે મઝાક વધારે કરે છે લોકો તેને હલકો અને બે હૈસીયત સમજે છે. (૩) જે વધારે વાતો કરે છે તેની ભૂલો વધારે થાય છે. (૪) જેની ભૂલો વધારે થાય છે તેમાં હયા (શર્મ) ઓછી થઇ જાય છે. (૫) જેની હયા (શર્મ) ઓછી થઇ જાય છે તેની પરહેઝગારી (તકવો) ઓછી થઇ જાય છે. (૬) જેની પરહેઝગારી ઓછી થઇ જાય છે તેનું દિલ મુર્દા થઇ જાય છે. (હયાતુસ્સહાબા ૩/૫૬)

ત્રણ વસ્તુઓ મુહબ્બત વધારવાનો ઝરીયો છે. ૧- સલામ કરવું ૨- બીજાઓ માટે મજલિસમાં જગા આપવી ૩- સામેવાળાને સારા નામથી પુકારવું.

ઈમાન એનુ નામ છે કે એક અલ્લાહને દિલથી ઓળખે અને ઝબાનથી એને કબુલ કરે, અને શરીઅતના કાનુન પર અમલ કરે. કોઇના ચારિત્ર્ય (આદત) પર ભરોસો ના કરો અહીયા સુધી કે ગુસ્સાના વખતે એને જોઇ ન લો, અને કોઇની દીનદારી પર ભરોસો ન કરો અહીયા સુધી કે લાલચ ના સમયે એને અજમાવી ન લો. **ઓછુ બોલવુ હિકમત છે, ઓછુ ખાવુ તંદુરસ્તી છે, ઓછુ સુવુ ઇબાદત છે અને લોકોથી ઓછુ મળવું, આફિયત છે. સલામતી ગુમનામી (anonymity) માં છે અથવા એકાંતમાં.**

## (૧૩૯):દુઆમાં આંસુ નીકળવાઃ

હુઝૂર સલ.નો ઇરશાદ છે કે જે આંખમાંથી અલ્લાહના ડરથી જરા પણ આંસુ ભલે તે માખીના માથા બરાબર પણ નીકળીને ચેહરા પર પડે છે અલ્લાહપાક તે ચેહરાને (જહન્નમની) આગ પર હરામ ફરમાવી આપે છે. હદીસમાં જોવા મળ્યું કે એક સહાબી મુહંમદ બિન નકદીર રદી. જયારે રડતા તો આંસુઓને પોતાના ચેહરા અને દાઢી પર ફેલાવ્યા કરતા હતા અને ફરમાવતા કે મને આ વાત પહોંચી છે કે “જહન્મની આગ તે જગ્યાએ નહી પહોચશે જયાં આંસુ પહોંચ્યા હશે” શેખુલ હદીસ હઝ. શાહ ફોલપુરી રહ. (મદ્રસહ બૈતુલ ઉલૂમ, ફોલપૂર) એ એકવાર હઝ.હકીમ અખતર સાહબ દાબ.ને ફરમાવ્યું કે હકીમ અખ્તર ! જયારે દુઆમાં આંસુ નીકળી આવેતો સમજી લો કે દુઆ કબૂલ થઇ ગઇ.

બીજી હદીસમાં છે કે જે માણસ અલ્લાહના ખોફથી રડે તેનું આગમાં જવું એવું જ મુશ્કેલ છે જેમકે દૂધનું આંચળમાં પાછા જવું. એક અન્ય હદીસમાં છે માં આયશા રદી.એ પૂછયું કે અય અલ્લાહના રસૂલ સલ. શું આપની ઉમ્મતમાંથી કેટલાક લોકો વગર હિસાબે જન્નતમાં જશે? હુઝૂર સલ.એ ફરમાવ્યું હાં, જે પોતાના ગુનાહોને યાદ કરી રડે છે. (તૌબા કરે છે) એક અન્ય હદીસમાં ફરમાવ્યું છે કે કયામતના દિવસે સાત વ્યકિત એવા હશે જેમને અલ્લાહપાક પોતાનો છાયડો અર્પણ કરશે જે પૈકી એક તે પણ છે જે એકાંતમાં અલ્લાહને યાદ કરે અને તેના કારણે તેની આંખમાંથી આંસુ નીકળવા માંડે. (ખાનકાહે ઇમદાદીયા અશરફીયહ, કશ્કોલે મઅરિફત નં:-૨૨૮)

## (૧૪૦):ઉમ્મતની પડતીના કારણો:

શૈખુલહિંદ હઝરત મવ.મહમુદુલ હસન રહ. માલટાની ચાર વર્ષની જેલથી પાછા ફર્યા પછી એક રાત્રે દારૂલ ઉલુમમાં બેઠા હતા. ઘણા બધા ઉલમા ત્યાં બેઠેલા હતા, તે વખતે કહ્યું, હું તો માલટાની જેલમાં બે સબક સીખીને આવ્યો છું, આ શબ્દો સાંભળીને બધા ઉલમાએ કિરામ વિચારમાં પડી ગયાં કે હઝ.મવલાના એ આખી ઝીદગી બધાને સબક શિખવાડયો છે અને આ ઉમરમાં શુ શીખીને આવ્યા હશે! એમણે કહ્યું મેં જેલના એકાંતમાં વિચાર કર્યો કે આ દુનિયામાં મુસલમાન દીન અને દુનિયા દરેક રીતે કયા કારણે બરબાદ થાય છે? તો એમાં બે વાતો ખબર પડી, **એક એ કે એમણે કુર્આન પઢવાનું છોડી આપ્યું, બીજુ એ કે પરસ્પરના ઝઘડા.** એટલા માટે હું આ ઈરાદો કરીને આવ્યો છું કે મારી બાકીની ઝીદગી આ કામમાં ખર્ચ કરીશ કે કુર્આને કરીમને લોકોમાં પઢવાનો અને એના ઉપર અમલ કરવાનો શોખ પૈદા થાય, એટલા માટે નાના બચ્ચાઓમાં કુર્આન શિખવા માટે મકાતિબ કાઇમ થાય. અને મોટા માણસોને આમ બયાન વગૈરહથી એનો મતલબ સમજાવવામાં આવે અને કુર્આનની તઅલીમ પર અમલ માટે ઉભારવામાં (raised-inspired) આવે. તથા મુસલમાનોના પરસ્પરના ઝઘડાને કોઈપણ ભોગે ખતમ કરવામાં આવે.

## (૧૪૧) અલ્લામા ઇબ્ને કય્યુમ રહ.ના મલફુઝાત (બોધવાણી)

**ચાર વસ્તુઓ શરીરને બરબાદ કરે છે.** (૧) રંજ (૨) ગમ (૩) ભૂખ (૪) રાતોમાં જાગવું.

**ચાર વસ્તુઓ મોઢાને સુકવી આપે છે. અને તેની રોનકને ખતમ કરી નાખે છે.** (૧) જુઠ બોલવું (૨) બેશરમી (૩) જ્ઞાન પ્રાપ્ત કરવાના બદલે વગર કારણે વધુ પડતા પ્રશ્નો કરવા. (૪)વધુ પડતા ગુનાહ કરવા

**ચાર વસ્તુઓથી રોજી થોભી જાય છે** (૧)સવારમાં સુવુ (૨) નમાઝમાં સુસ્તી કરવી (૩) બદન સુસ્ત રાખવું (૪) અમાનતમાં ખયાનત કરવી.

**ચાર વસ્તુઓ ચેહરાની રોનકને વધારે છે.** (૧)શરાફત (૨)વફાદારી (૩)સખાવત (૪) પરહેઝગારી

**ચાર વસ્તુઓથી દુશ્મની અને નફરત વધે છે.** (૧)અભિમાન (૨) હસદ (jealousy) (૩) જુઠ (૪) ચુગલખોરી (ઝાદુલ મઆદ ૪/૩૭૮)

હઝ.અબુ હુરૈરહ રદી.થી રિવાયત છે કે નબીએ કરીમ સલ.એ ફરમાવ્યું કે સાત હલાક કરી આપનાર ગુનાહોથી બચો! સહાબા રદી.એ પુછ્યું યા રસુલુલ્લાહ સલ. તે સાત ગુનાહ કયા છે? આપ સલ.એ ફરમાવ્યું અલ્લાહતઆલાના સાથે કોઇને ભાગીદાર (શરીક) બનાવવું, જાદુ કરવું, નાહક કોઇને કતલ કરવું, વ્યાજ ખાવું, યતીમનો માલ ખાવું, ( પોતાની જાન બચાવવા માટે) જીહાદમાં ઇસ્લામી લશ્કરનો સાથ છોડી ભાગી જવું, અને પાકદામન ઇમાનવાળી તથા બુરી વાતોથી અજાણ ઓરતો પર ઝીનાની તોહમત લગાવવી. (બુખારી શ.)

## (૧૪૨) : નરમી (Mildness):

મુસ્લિમ શ.માં હઝ.આઇશા રદી.થી રિવાયત છે કે રસુલુલ્લાહ સલ.એ ફરમાવ્યું "નરમી જે વસ્તુઓમાં હોય છે તેને ખુબસુરત અને સુંદર (adorned) બનાવી આપે છે, અને જે વસ્તુથી અલગ કરી આપવામાં આવે છે તેને બદસુરત અને કદરૂપુ (disfigured-ugly) બનાવી આપે છે.

એક હદીસમાં છે કે રસુલુલ્લાહ સલ.એ ફરમાવ્યું જે વ્યકિત નમ્રતાથી મહરૂમ રહયો તે દરેક ભલાઇથી વંચિત રહ્યો. (મુસ્લિમ શ.)

એક બીજી હદીસમાં છે કે રસુલુલ્લાહ સલ.એ ફરમાવ્યું કે ત્રણ વાતો જેમાં હશે તો અલ્લાહતઆલા પોતાની રહમતનો છાંયડો તેના પર ફેલાવશે, અને તેને જન્નતમાં દાખિલ ફરમાવશે. (૧) કમઝોર સાથે નરમી કરવી (૨) વાલિદૈન સાથે મહેરબાની કરવી (૩) ગુલામ (નોકરો) સાથે ભલાઇ અને એહસાન કરવું એક અન્ય હદીસમાં છે કે જે વ્યકિત પોતાની ઉમરમાં બરકત અને રોજીની વિશાળતાની ઇચ્છા રાખે તો પોતાના રિશ્તેદારો સાથે સારો વર્તાવ કરતો રહે... તે પછી આમ મુસલમાનો બલ્કે બધા જ ઇન્સાનો અહી સુધી કે પ્રાણીઓ સાથે પણ નરમી કરવા માટે ઘણી બધી હદીસોમાં આવ્યું છે.

## (૧૪૩): નરમી અને સખ્તી:

એક હદીસ માં છે કે એક સમયે એક માણસે હુઝુર સલ.ની ખિદમતમાં આવી ને કહ્યું કે યા રસુલુલ્લાહ સલ. મારા રિશ્તેદારો એવા છે કે હું એમને મળવા માટે જાઉ છું તો તે મોઢુ ફેરવી લે છે હું એમની સાથે સારો વર્તાવ કરૂં છું તો તે ખરાબ વર્તાવ કરે છે, અને હુ એમની સાથે ભલાઇ કરૂં છું તો તે બુરાઇથી પેશ આવે છે, અને મારી સાથે અભણ માણસોની જેમ વાતો કરે છે, પરંતુ હું બરદાશ્ત કરુ છું. તો આપ સલ.એ ફરમાવ્યું અગર આમ જ છે જેમકે તમે કહો છો તો તમે એમના મોઢોમાં ગરમ રાખ ભરી રહ્યા છો, અને જયાં સુધી તમારી આ હાલત રહેશે તો અલ્લાહતઆલા તરફથી તમારી મદદ થતી રહેશે. પરંતુ કેટલાક પ્રસંગ એવા હોય છે જયાં નરમી કરવું ભયંકર પ્રકારના ફિતના અને મોટા ખતરાઓનું કારણ થઇ શકે છે આવા મોકા ઉપર ઇસ્લામની તઅલીમ કડક અને સખ્ત વ્યવહાર કરવાની છે જેમકે શરીઅતની હદ અને અલ્લાહ તઆલાના કાનુનને તોડવામાં આવી રહ્યા હોય અથવા કોઇ સામાજીક મસ્લીહત (expediency) નો તકાજો હોય. એવી જ રીતે જયારે સમાજમાં ચોર, ડાકૂ, લુંટારા, અને ખરાબ લોકો ફસાદ ફેલાવવા પર અડેલા હોય તો આવા વખતમાં પણ નરમીનો વર્તાવ કરવો કોમી મસ્લીહતના વિરૂધ્ધ થશે, એટલા માટે સખ્તી કરવી જરૂરી રહેશે.

## (૧૪૪): સંગીત (music):

રસુલ સલ.એ ફરમાવ્યું આ ઉમ્મતમાં પણ જમીનમાં ધસવા, ચેહરાઓ બદલાય જવા, અને પથ્થરોનો વરસાદ થવા જેવી ઘટનાઓ થશે. એક માણસે પૂછ્યું યા રસુલુલ્લાહ સલ. આવુ કયારે થશે? આપ સલ.એ ફરમાવ્યું જયારે ગાનારી ઓરતો અને સંગીતનો આમ રિવાજ થઇ જશે, તથા વધુ પ્રમાણમાં શરાબ પીવામાં અવશે. (તિરમિઝી શ.)

રસુલુલ્લાહ સલ.એ ફરમાવ્યું કે ગાવું, સંગીત સાંભળવું ગુનાહિત કૃત્ય છે, તેને સાંભળવા માટે બેસવું નાફરમાની છે, અને તેની મજા માણવી એ કુફ્ર છે. (હદીસમાં કુફ્રનો મતલબ અલ્લાહતઆલાની નેઅમતોની નાશુક્રી કરવું.) નબીએ કરીમ સલ.એ ફરમાવ્યું કયામતના દિવસે અલ્લાહતઆલા ફરમાવશે કે કયાં છે તે લોકો જે (દુનિયામાં)પોતાના કાનો અને આંખોને શયતાની વાજિંત્રો સાંભળવા અને એમને વગાડનારને જોવાથી બચાવી રાખતા હતા? એમને બધીજ જમાઅતોથી અલગ કરો. ફરિશ્તાઓ તેમને અલગ કરીને મુશ્ક અને અંબરના પહાડો પર બેસાડી આપશે. પછી અલ્લાહતઆલા ફરિશ્તાઓને હુકમ કરશે કે એમને મારી પાકી અને કિબરિયાઇ (ના ગીતો) સંભળાવો. ફરિશ્તાઓ એમને એવા સારા અવાઝમાં અલ્લાહનો ઝિક્ર સંભળાવશે કે એનાથી પહેલા કદી પણ આવો અવાઝ સાંભળ્યો નહી હોય.

## (૧૪૫): સંગીત (music):

હુઝૂર સલ.ફરમાવે છે કે "ખુદાએ મને હિદાયત માટે રસૂલ બનાવ્યો અને હુકમ અપાયો કે દુનિયામાંથી રાગ વાજા વાજીત્રોને મીટાવી દઉ." (અબૂદાઉદ) અને રસૂલુલ્લાહ સલ.એ આ પણ ફરમાવ્યું છે કે , "મારી ઉમ્મતમાંથી આખરી ઝમાનામાં એક કોમનો ચેહરો બદલાઇ જઇ સુવ્વર અને વાંદરા જેવો થઇ જશે, સહાબા રદી.એ પુછ્યું કે એ લોકો મુસલમાન હશે અથવા કોણ? તો આપ સલ.એ ફરમાવ્યું કે હાં એ બધા મુસલમાન હશે ખુદાની તૌહીદ અને મારી રિસાલતની ગવાહી દેતા હશે અને રોઝહ પણ રાખતા હશે. પરંતુ રમતગમતના વાજીંત્રો એટલે વાજાં અને ઢોલક વગાડશે અને ગાયનો સાંભળશે અને દારૂ પીશે તો તેમના ચેહરા બદલી નાખવામાં આવશે." (બવાદિરૂન્નવાદિર) નબીએ કરીમ સલ.એ ફરમાવ્યું છે કે, "જયારે ગાનારીઓ વધી જશે, દરેક જગ્યાએ સંગીત ઝાહિર થશે, દારૂ ખૂબ પીવામાં આવશે, અને પોતાના બુઝુર્ગો પર લઅનત કરવામાં આવશે, તો તે વેળા લાલ વાવાઝોડુ, ધરતીકંપ, ઝમીનોમાં ધસી જવું, ચેહરાઓ બદલાય જવાનો અને આસમાની પત્થર વરસવાની રાહ જુઓ." (તિરમીઝી શ.) (અઝ કિતાબઃ- નસીહત, લેખક :- મવ.અહમદ અશરફ રાંદેરી સા. રહ. ૧૯૬૧)

## (૧૪૬): સંગીત (music):

રસૂલુલ્લાહ સલ.એ ફરમાવ્યું છે કે, “જયારે ગનીમતના માલને દૌલત ઠેરવવામાં આવશે (ગરીબોને તેમાંથી ભાગ નહી આપશે) અને જયારે અમાનતના માલને ગનીમત સમજી લેવામાં આવશે, જયારે ઝકાતને દંડ સમજવામાં આવશે, જયારે દીનનો ઇલમ દીનના માટે નહી પરંતુ દુનિયા વિગેરે હાસિલ કરવા શીખવવામાં આવશે, જયારે પુરૂષ સ્ત્રીની તાબેઅદારી કરશે, છોકરો માની નાફરમાની કરશે-તેને સતાવશે, જયારે ઇનસાન દોસ્તોને પોતાનો સાથી બનાવશે અને બાપને દુર કરશે, જયારે મસ્જીદોમાં જોરજોરથી વાતો કરવામાં આવશે - ઘોંઘાટ થશે, જયારે કૌમની સરદારી ફાસિક માણસ કરશે, જયારે કૌમના કામોનો લીડર કમીનો અને નીચ માણસ હશે, જયારે ઇનસાનની ઇઝઝત તેની બુરાઇથી બચવા માટે કરવામાં આવશે, જયારે ગાનારી સ્ત્રીઓ ઝાહિર થશે, જયારે સંગીત આમ થશે, જયારે દારૂ છડેચોક પીવામાં આવશે, જયારે ઉમ્મતના પાછલા લોકો આગલા લોકોને બુરા કહેશે, અને તેઓ ઉપર લઅનત કરશે, તે વેળા જોરદાર લાલ વાવાઝોડું, ધરતીકંપ, જમીનમાં ધસી જવા, ચેહરાઓ બદલાય જવા અને પત્થરો વરસવા જેવી નિશાનીઓ (ઝાહિર થશે) જેમકે મોતીઓનો હાર તુટે છે અને તેમાંથી લગાતાર મોતી પડે છે.

## (૧૪૭): હુઝૂર સલ.ની નસીહત:

હઝ.અબુ ઐયુબ અન્સારી રદી. ફરમાવે છે કે એક સહાબી રદી.એ નબીએ કરીમ સલ.ની સામે અરજ કરી કે (હે અલ્લાહના રસુલ સલ.) મને ટુંકમાં કઇક નસીહત કરો. (તો) નબીએ કરીમ સલ.એ ફરમાવ્યું: જયારે તમે નમાઝ પઢવા માટે ઉભા થાઓ તો એ રીતે નમાઝ પઢો જાણે તમે સર્વ વસ્તુઓને ત્યજી દીધી, અને (કદી) એવી વાત ન કરો જેથી કાલે બહાનું બનાવવું પડે, અને જે કંઇક લોકો પાસે છે એની આશા છોડી આપો. (મિ. મસાબીહ / ૪૪૫)

ઉપરોકત હદીસમાં સૌ પ્રથમ આપ સલ. આ નસીહત ફરમાવે છે કે “જયારે તમે નમાઝ પઢવા માટે ઊભા થાઓ તો એ રીતે નમાઝ પઢો કે જાણે તમે જિંદગીની છેલ્લી નમાજ પઢી રહ્યા છો. આવું કરવાથી નમાજમાં ખુશૂઅ પૈદા થશે.

આ હદીસને સામે રાખી આપણા વડીલ બુઝુર્ગોએ નિચોડ કાઢયો છે કે માત્ર નમાજ જ નહી બલકે દરેક અમલને આ રીતે કરવામાં આવે કે આ મારી જિંદગીનો છેલ્લો અમલ છે.

આપણને શરીઅતે જે મુજબ બતાવેલ છે એ રીતે ફરજો, સુન્નતો અને આદાબની રિઆયત કરી સંપૂર્ણ અલ્લાહ તરફ ધ્યાન લગાડી નમાજ અદા કરવી જોઇએ. એવી નમાજ ન પઢવામાં આવે કે જે કાલે કયામતના દિવસે મેલા કપડાની જેમ આપણા મોઢા પર મારી દેવામાં આવે. (અલ-બલાગ, જંબુસર, સપ્ટેમ્બર – ૨૦૧૯)

**(૧૪૮): માહે રબીઉલ અવ્વલ:**

આ ઇસ્લામી વર્ષનો ત્રીજો મુબારક મહીનો છે, જેમાં આખરી નબી હઝ.મુહંમદ મુસ્તુફા સલ.નો જન્મ મક્કા મુકર્રમહમાં થયો, અને આ વસ્તુ તઅજજુબની છે કે આપ સલ.નો જન્મ પણ આજ દિવસે અને વફાત પણ આજ દિવસે થઇ. હઝ.ઇબ્ને અબ્બાસ રદી. ફરમાવે છે કે આપ સલ.ની વિલાદત સોમવારના દિવસે થઇ, અને સોમવારના દિવસે જ હિજરતના વખતે મદીના મુનવ્વરહમાં દાખલ થયા, અને સોમવારના દિવસે જ આપ સલ.ને નબુવ્વતનો તાજ પહેરાવવામાં આવ્યો, અને સોમવારના દિવસે જ વફાત પણ થઇ. આપ સલ.એ એટલાજ માટે સોમવારના દિવસની ફઝીલત બયાન ફરમાવી છે.

આ મહિનાની ઇસ્લામમમાં ખાસ ફઝીલત છે અને તે ખાસ ફઝીલત હુઝૂર સલ.નું આ દુનિયામાં તશરીફ લાવવું છે. આપ સલ.નું તશરીફ લાવવું દુનિયાની ખુશીનો સબબ છે અને આ મહીનો ઘણોજ નૂરાની છે. (અઝ કિતાબઃ- બારહ મહીનેકે ફઝાઇલ, પ્રકાશકઃ- દા.ઉ કંથારીઆ-ભરૂચ)

**(૧૪૯): માહે રબીઉલ અવ્વલ :**

અકસર લોકો રબીઉલ અવ્વલના મુબારક મહીનામાં ઝિક્રે મીલાદ શરીફનનો પ્રબંધ રાખે છે, અને બારમી તારીખને ખાસ કરીને મનાવવામાં આવે છે, અમૂક લોકો તો વફાતે નબી સલ.ના કારણે માતમ મનાવે છે અને અમુક લોકો તો વિલાદે નબી સલ.ના કારણે ઇદનો દિવસ પણ ગણે છે, પરંતુ શરીઅતમાં આ બધા કારણોનેલીધે ઇદે મિલાદ મનાવવું જાઇજ નથી, ચાહે આ મહીનામાં હોય અથવા બીજા કોઇ પણ મહીનામાં.

રબીઉલ અવ્વલના મુતઅલ્લીક કોઇ ખાસ અમલ પણ હદીસમાં આવ્યો નથી, અને આ દિવસને માતમ અથવા ઇદ મનાવવું જાઇઝ નથી.

રસૂલુલ્લાહ સલ.એ પોતે ફરમાવ્યું છે કે આપણને અલ્લાહતઆલાએ બે ઇદો આપી છે.

માટે જેટલા અહકામ રસૂલુલ્લાહ સલ.એ ફરમાવ્યા છે એ અહકામનું પાલન કરવું એ આપ સલ.ની તાકીદ છે, ચાહે આ અમલ રોઝાની શકલમાં હોય અથવા નમાઝની સુરતમાં હોય અથવા ઝકાત સ્વરૂપે હોય, માટે જેટલા પણ અમલ છે બધાજ રસુલૂલ્લાહ સલ.ના ફરમાનના મુતાબીક છે એના ઉપર તે પ્રમાણે અમલ કરવો જરૂરી છે. (હુકુક વ ફરાઇઝ :- ૪૭૪)

## (૧૫૦)

## : હુઝૂર સલ.ની મુબારક સીરત

ઈ.સ ૫૭૧:- જન્મ મુબારક મક્કહ મુર્રમહમાં ૧૨ રબીઉલ અવ્વલ- ૨૨ એપ્રિલ સોમવારે થયો.

ઈ.૫૮૩:- ૧૨ વર્ષની ઉંમરથી અનેક વાર શામ (સીરીયા)નો વેપારી સફર ફરમાવ્યો.

ઈ.સ ૫૯૫:- ૨૫ વર્ષની ઉમરે હઝ. ખદીજહ રદી. સાથે નિકાહ થયા. (આપ સલ.ના ઉચ્ચ અખ્લાક, સચ્ચાઇ, અમાનતદારી, વ્યવસ્થિત કાર્યશૈલી (of good disposition) થી પ્રભાવિત થઇ આપે મક્કાના મોટા મોટા સરદારોના પ્રસ્તાવ રદ કરી દરખાસ્ત રજૂ કરી હતી. , હઝ. ખદીજા રદી.એ પોતાની બધી દોલત અને ઝેવર અલ્લાહના માર્ગમાં અને દીન માટે કુરબાન કરી આપ્યા હતા.)

અવલાદ:- (પુત્રો) હઝ.કાસિમ, હઝ.અબ્દુલ્લાહ, હઝ.ઇબ્રાહીમ રદી.. (દીકરીઓ) હઝ.ઝયનબ, હઝ.રૂકૈયહ, હઝ.ઉમ્મે કુલસુમ, અને હઝ.ફાતિમહ રદી...

ઈ.સ ૬૧૦:- ૪૦ વર્ષની ઉમરે પ્રથમ વહીનો નુઝુલ ગારે હિરામાં થયો.

ઈ.સ ૬૨૦:- મેઅરાજનો મુબારક સફર

ઈ.સ ૬૨૨:- ૫૩ વર્ષની ઉંમરમાં મદીના મુનવ્વરહની હિજરત ફરમાવી. ( હીજરી સન ૧)

ઈ.સ ૬૩૦:- મક્કહનો વિજય – મુસલમાનોની જીત

ઈ.સ ૬૩૨:- હજ્જતુલ વિદાઅ અદા ફરમાવ્યો.

ઈ.સ ૬૩૨:- મદીના મુનવ્વરહમાં વફાત થઇ.